કહાન
સંવત-૧૨
વર્ષ-૪૮
અંક-૫
[ ૫૭૭ ]




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૧૮
સં. ૨૦૪૮
NOV.
A.D. 1991

## 卐 મૃત્યુ–મહોત્સવ 卐

[ શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ગાથા-૧૭૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયની આ ૧૭૮ ગાથા ચાલે છે.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવકે પાંચ અણુવ્રત પાળવા અને તેની રક્ષા માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત પાળવા તથા તેના સરવાળે અંત સમયે સમાધિમરણ–સંલેખના કરવી; સમ્યક્ પ્રકારે કષાયોને પાતળા પાડવા અને શાંતિપૂર્વક દેહ વિસર્જન કરવો તેનું નામ સંલેખના છે. આ ૧૭૮ ગાથામાં સંલેખનામાં આત્માની આરાધના કેવી રીતે કરવી તેનો ઉપદેશ આચાર્યદેવ આપે છે.

જેણે સમ્યગ્દર્શન, જ્ઞાન અને અનુભવપૂર્વક બાર વ્રતો પાળ્યા છે અને મરણ સમયે સ્વરૂપની આરાધના માટે કષાયને પાતળા પાડી સંથારો કર્યો છે એવા ધર્મી જીવને કહે છે કે, હે આરાધક! “णगो मे सासदा आदा” એટલે ‘હું એક શાશ્વત આત્મા છું’—એમ ધ્યાન કર! તેનું તું અવલંબન લે! ‘હું ત્રિકાળ જાણનાર છું’ એવી ચિંતવના કર!

શાસ્ત્રમાં ઉપર કહ્યું તેવા વાકયો, “णमो अरहंताणं” ઈત્યાદિ પદ અને अर्हं ઇત્યાદિ અક્ષરો આપ્યા છે તેમાંથી તને જે રુચિકર લાગે તેનું ધ્યાન કર. વાકયનું એટલે કે તેના વાચ્યનું ધ્યાન કર. તેના આશ્રયે તારા ચિત્તને તન્મય કર! अर्हं એટલે હું અર્હંત છું એમ ધ્યાન કર અથવા નમો અરહંતાણં એટલે જેને પૂર્ણ આનંદ પ્રગટ થયો છે અને રાગ-દ્વેષનો નાશ કર્યો છે એવા ભગવાન જેવો જ હું છું એમ વિચાર અને ધ્યાન કર!

હે આર્ય! 'હું એક શાશ્વત આત્મા છું' એ શ્રુતજ્ઞાનથી પોતાના આત્માનો નિશ્ચય તેં કર્યો છે. આ મરણકાળ એ શાંતિથી દેહ-વિસર્જન કરવાનો કાળ છે તેમાં તું 'હું એકરૂપ શાશ્વત શુદ્ધાત્મા છું' એમ વિચાર કર, અને ધ્યાન કર! શેમાં? કે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ધ્રુવ સતનું લક્ષ કરીને તેમાં જ ઠરવાની વાત છે.

'સ્વસંવેદનથી આત્માની ભાવના કર!' એમ કહ્યું છે. જુઓ! વિકલ્પથી ભાવના કરવાનું કહ્યું નથી. આ તો શાંતિથી દેહ છોડવાના કાળ છે. ભવની સંધિ છે, તે કાળે જ્ઞાનથી જ્ઞાનનું વેદન કર! જ્ઞાન દ્વારા આત્માનું અવલંબન લઈ તેનું વેદન કર! સ્વસંવેદનથી આત્માની ભાવના કર! વિકલ્પથી એમ નહિ. મહા પરમ સત્ છે. જ્ઞાન-સ્વભાવ ધ્રુવ છે તેનું વર્તમાન પર્યાયને અંતરમાં વાળીને ધ્યાન કર!

અસ્તિથી સ્વસંવેદનથી ભાવના કરવાનું કહ્યું અને નાસ્તિથી સમસ્ત ચિંતાઓથી પૃથક્ થઈને પ્રાણવિસર્જન કરવાનું કહ્યું છે. દેહ છોડવાના આ સમયે દેહની ચિંતા છોડી દે. હે આર્ય! તેં એકલા ધ્રુવ સત્ ચૈતન્યને અવલંબીને નિર્ણય અને અનુભવ કર્યો છે અને પાંચ અણુવ્રત સહિત વિશેષ સ્થિરતાનો અંશ પણ પ્રગટ કર્યો છે તો હવે આ દેહ છોડવાના કાળે શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું અવલંબન લે! તે એક જ શરણ છે. બીજું કોઈ શરણ નથી.

ભગવાન આત્મા પૂર્ણાનંદની મૂર્તિ છે, સત્ છે, શાશ્વત છે, ધ્રુવ છે તેનું વેદન કર ભાઈ! તેનું વેદન કર! અને બધી ચિંતા છોડીને પ્રાણ-વિસર્જન કર! દેહ છૂટવાના સમયે આત્માના આનંદની ભાવનાપૂર્વક દેહ છોડવો તે ધન્યપળ છે.

જુઓ! આવા સમાધિમરણકાળે સ્ત્રી પુત્રાદિ પરિવારનું તો લક્ષ નથી. એ તો ક્યાંય દૂર રહ્યાં પણ પાંચ અણુવ્રતના પણ વિકલ્પ નથી અને એક સમયની પર્યાયનો પણ વિચાર નથી. એકરૂપ શુદ્ધ ચૈતન્યદળનું વેદન કરીને દેહ છોડવો તે ધર્મ કર્યાનું ફળ છે. જિંદગીમાં ધર્મ કર્યો હોય તો તેનો સરવાળો આવો હોવો જોઈએ.

એકમાત્ર શરણ પોતાનો આત્મા જ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ શરણ કહેવાય છે તે આત્માના જ પદ છે. પંચપદની શક્તિનો ધરાવનાર તત્ત્વ તું જ છો, તારી શક્તિથી બહાર કોઈ પાંચ પદ રહેતાં નથી.

તું અરિહંત થવાનો છો ને! તો એ કેવળજ્ઞાન પર્યાય ક્યાંથી આવશે! અત્યારે તારા દ્રવ્યમાં અરિહંતપદ પડ્યું છે તેમાંથી જ કેવળજ્ઞાન આવશે. તત્ત્વાનુશાસનમાં એક ગાથા લીધી છે કે અરિહંતનું ધ્યાન કરવું તે તો જૂઠું છે ને?—કેમ કે અત્યારે અરિહંત-પદ તો નથી. તો કહ્યું—ના ભાઈ! જૂઠું નથી. અરિહંતપદ સતરૂપે વર્તમાનમાં પડ્યું

છે તેથી 'હું અરિહંત છું' એવું ધ્યાન કરવું નિષ્ફળ નથી, તેના ફળમાં શાંતિ મળે છે. સત્ છે માટે જ પ્રગટ થાય છે, ન હોય તો અરિહંતપદ પ્રગટે કયાંથી!

તને ખાતરી છે ને કે હું અરિહંત થવાનો છું, સિદ્ધ થવાનો છું, તો એ ખાતરી કયાંથી આવી? કે શક્તિમાં મારું અરિહંતપદ પડયું જ છે. ધ્રુવપદ એ મારું પદ છે તેમાં અરિહંત અને સિદ્ધપદ છે તે મારું પદ છે. આચાર્ય, ઉપાધ્યાય આદિની પર્યાય પણ શક્તિમાં પડી છે તે જ પ્રગટ થાય છે. સાધુપદ વીતરાગપદ અકષાયપદ વસ્તુમાં પડયું જ છે. નથી એમ નથી. જે પર્યાય ભવિષ્યમાં પ્રગટ થવાની છે તે વર્તમાનમાં દ્રવ્યમાં સતરૂપે પડી જ છે માટે ભગવાનને ભરોસામાં લે ભાઈ! એકદમ વિકલ્પના અવલંબન વિના નિરાલંબીપણે નિરાલંબીસ્વભાવનું ધ્યાન કર!

આ તો નિશ્ચય આરાધનાની વાત છે ને!

પ્રાણ-વિસર્જન કર! એમ કેમ કહ્યું?—કે, પ્રાણ તો છૂટવાના જ છે. તેમાં કાંઈ ફેરફાર થાય તેમ નથી પણ તું ધ્રુવ સ્વભાવના અવલંબન વડે સ્વસંવેદનના આનંદ-પૂર્વક દેહનું લક્ષ છોડી દે તો તેં પ્રાણ-વિસર્જન કર્યું કહેવાય.

અહો! વસ્તુ એકરૂપ સત્ છે તેમાં 'જાણનાર તે હું' એવો ભેદ પણ કયાં છે! સ્વ-પરપ્રકાશક સ્વભાવનો પિંડ છું એ પણ ભેદ થયો. સ્વ-પરપ્રકાશનું એકરૂપ સત્ય-સ્વપણું તેનું વેદન થવું તેને સ્વસંવેદન કહેવામાં આવે છે.

સરવાળામાં આવી આરાધના ન આવે તો તેણે શું ધર્મ કર્યો? કોઈ એમ કહે કે જિંદગીભર ઘણા ધર્મ કર્યો પણ સરવાળે મરણ બગડી ગયું. તો એમ બને જ નહિ. સુધારાનો સરવાળો બગાડ ન હોય.

દેહ તો તું ન છોડવા માંગે, તેને રાખવા માટે ઉપરથી ઇન્દ્રને ઉતાર તોપણ એ તો તને છોડવાનો જ છે માટે એવી દૃઢ સ્થિરતા વડે આત્માનું અવલંબન લે કે શાન્તિના વેદનપૂર્વક દેહ છૂટી જાય. તને અંતરથી કોલકરાર આવી જશે કે હવે મારા ભવના અંત આવી ગયા, એક-બે ભવે મારો સંસાર પૂરો થઈ જશે અમે હવે કેવળ પામવાના...પામવાના અને પામવાના જ એમ તને અંતરથી ખાતરી થઈ જશે.

૧૮૦ ગાથામાં કહેશે કે, મુક્તિલક્ષ્મી સ્વયંવર માંડીને બેઠા છે તે તને વરી જશે. આ વાત શ્રાવકને કહી છે હો! તો શું શ્રાવકને મુક્તિ થતી હશે! હા...હા...એની મુક્તિ અલ્પકાળમાં છે એ નક્કી થઈ જાય છે. અલૌકિક વાત છે. ભાઈ! આમાં બહારના ભણતર કે વ્યવહારુ શ્રદ્ધા કે વ્યવહાર-આચરણ કાંઈ મદદ કરનાર નથી.

'णो मे सासदा आदा' શ્રી નિયમસારમાં કુંદકુંદાચાર્યદેવે કહેલો આ ન્યાય છે. આ નિશ્ચયની પરમ સત્ય વાત છે, તેમાં પર્યાયને અભૂતાર્થ કહી દીધી છે એટલે કોઈને એમ થાય કે, આ વેદાંતને મળતી વાત છે તો એમ જરાય નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એ ચારેય પર્યાયો છે ખરી પણ જેને ત્રિકાળીનું અવલંબન લેવું છે તેને માટે પર્યાય તે 'સ્વ' નથી. ત્રિકાળીના આશ્રયે જે ક્ષાયિક આદિની પર્યાય પ્રગટવાની છે તે દ્રવ્યમાં પડી જ છે. માટે રાગ અને પર્યાયના આશ્રય વગર ત્રિકાળી ધ્રુવપદનું અવલંબન લે તો પર્યાયમાં સ્વસંવેદન પ્રગટ થશે. વેદન તો પર્યાયમાં પર્યાયનું જ છે પણ તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે માટે દ્રવ્યદૃષ્ટિએ થયેલું વેદન તે સ્વસંવેદન છે. દેહ છૂટવાના પ્રસંગમાં ધર્મીને આવું સ્વસંવેદન હોય છે.

ત્રણ દિવસના લગ્ન હોય અને ચોથા દિવસે હરખજમણ હોય છે ને! તેમ આ મરણનું ટાણું તે હરખજમણનું ટાણું છે તે વખતે અંદરમાં મોટા ચૈતન્યબિંબના સ્તંભમાં લક્ષ કરતાં કાંઈ બાકી રહેતું નથી. ભવના અભાવકાળે આવા ભાવમાં દેહ છોડ તો, નક્કી થઈ જશે કે એકાદ-બે ભવમાં કેવળ લઈને અમે મુક્તિ પામવાના... પામવાના ને પામવાના, એ અફર છે.

આ કાંઈ વાત પૂરતી વાત નથી. આમાં તો કેટલી સજ્જનતા જોઈએ! કેટલું સ્વભાવ તરફ દૃષ્ટિનું આરાધન જોઈએ! અને આખી દુનિયા તરફની ઉપેક્ષા જોઈએ. 'હું તો એક શાશ્વત આત્મા છું' એવું વેદન કરીને દેહ છોડજો.

જો તારું મન કોઈ ક્ષુધા પરિષહથી કે કોઈ ઉપસર્ગથી વ્યગ્ર થઈ ગયું હોય તો નરકાદિ વેદનાઓનું સ્મરણ કરીને જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર! નરકની વેદના પાસે આ વેદનાની કાંઈ ગણતરી નથી. નરકમાં કોઈની સહાય વિના, સામે પરમાધામી દેવ ઊભા હોય અને તેં વેદના ભોગવી છે. તારું હયાતીવાળું શાશ્વત તત્ત્વ આવા દુઃખના વેદનમાં પણ અનંતવાર વર્તી ગયું છે માટે ભાઈ! એ વેદનને તું યાદ કર તો વર્તમાનમાં ક્ષુધા આદિનું વેદન તને ઓછું થઈ જશે અને તું આનંદના વેદનમાં આવી શકીશ.

તિર્યંચના દુઃખો પણ કેટલા છે! સક્કરિયાને જેમ બાફે તેમ જીવતાં ભૂંડને મોઢામાં લોખંડનો સળીયો નાંખીને અગ્નિમાં શેકે છે! તે કાળે તેને કેટલી વેદના હશે! જેને શરીરમાં એકતાબુદ્ધિ છે તેને આકુળતાના વેદનનું માપ શું હોય! એવા વેદનને યાદ કરને ભાઈ! મને આમ થાય છે ને તેમ થાય છે, મારી પાસે કોઈ બેસતું નથી એમ કરવા કરતા તું જ તારામાં બેસી જા ને ભાઈ! વેદના તો આવ્યા વગર રહેવાની

નથી અને શરીર પણ છૂટયાં વગર રહેવાનું નથી. રાજા હો કે રંક હો, કંથેરો હો કે કુંજર હો, ગરીબ હો કે અમીર હો બધાંને એકવાર મરણ તો આવવાનું જ છે. ખરેખર દેહ તો છૂટો જ પડ્યો છે પણ ક્ષેત્રથી વિશેષ દૂર જાય તેને લોકો મરણ કહે છે.

ભાઈ! તું વિશ્વાસ લાવ કે, આત્માના આનંદના વેદન આગળ બીજું બધું ભૂલાઈ જાય એવો હું છું. વિશ્વાસ...વિશ્વાસ...વિશ્વાસ કર કે મારા આત્માના આનંદના વેદન પાસે આખી દુનિયા ભૂલાઈ જાય એવો હું છું. અનંત શક્તિવાળું મારું સત્ એવું છે કે જેના શરણે જતાં દુનિયા આખી ભૂલી જવાય એવું મારું સ્વરૂપ છે.

લાઠીમાં એક જુવાન ભાઈને શીતળા નીકળેલાં ને શીતળાના દાણે દાણે ઇયળ પડી ગયેલી. પથારીમાં આમ પડખું ફરે તો આ બાજુ હજારો ઇયળ ખરે અને આમ ફરે તો બીજી બાજુ હજારો ઇયળ ખરે. તો એ વેદના કેવી હશે! એ વેદના કરતાં અનંતગણી વદના તો પહેલી નરકમાં છે. માટે અહીં કહે છે કે, આવી નરકની વેદનાને યાદ કરી વર્તમાન વેદનાને ભૂલી જા અને જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર! અનંતા જીવો આ રીતે પરને ભૂલી ભગવાન થઈને મોક્ષ પધાર્યા છે તેમ તું પણ તૈયાર થા! તૈયાર થા!

અહા! ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે. એટલે કેવો? કે મરે નહિ તેવો અને અમૃત જ્ઞાન અને આનંદ આપે એવો અમૃત ભગવાન આત્મા છે. તેના અમૃત આનંદસરોવરમાં સ્નાન કર! શાન્તિમાં આત્માને જબોળી દે!

કેટલી ધીરજ હોય! કેટલા બહારના વિકલ્પોની ઉપેક્ષા કરી નાંખી હોય! શરીરની અવસ્થામાં પણ જેવી હો તેવી હો તેમાં મને કાંઈ નહિ એવા સમાધિમરણમાં તું શાન્તિના સાગરમાં જા એમ કહે છે. અશાન્તિ અને આકુળતાના વેદનમાં તો તું અનંતકાળ રહ્યો છો. શુભ-અશુભભાવની આકુળતા તો તેં અનંતવાર વેદી છે પણ અમૃતરૂપ ચિદાનંદ ભગવાનના સરોવરમાં તેં કદી પ્રવેશ કર્યો નથી કે જેમાં પ્રવેશ કર્યે ભવના અભાવ થાય એવું એ તત્ત્વ છે.

કેટલી હૃદયની પવિત્રતા જોઈએ! કેટલો પરનો અહંકાર અંતરથી છૂટી જવો જોઈએ! ત્યારે આ કામ થાય એવા છે ભાઈ! અભિમાનની તો અનેક જાત છે બાપા! 'અમે તમને માખણ નથી ચોપડતા હો, સાચું કહીએ છીએ...' એમ કહીને પણ અમે આવા છીએ તેનું અભિમાન સેવે છે. અહમ્‌પણાના સ્થાનો એટલા છે કે તેને ભૂલીને આત્મામાં અહમ્‌પણું લાવવામાં મહા પ્રયત્ન જોઈએ છે. જાણપણાનું અભિમાન પણ હોય અને મને નથી આવડતું એમ કરીને પણ માન લેવા માગે છે. બાપુ! અભિમાને તો મારી નાખ્યાં છે.

અહીં કહે છે કે બાપુ! આ શેના તને અભિમાન છે? તેને છોડીને હવે અહીં આવ ને! અહીં ઠર ને!

અજ્ઞાની જીવ શરીરમાં આત્મબુદ્ધિ અર્થાત્ "હું દુઃખી છું, હું સુખી છું" એવા સંકલ્પ કરીને દુઃખી થયા કરે છે પરંતુ ભેદવિજ્ઞાની જીવ આત્મા અને દેહને ભિન્ન-ભિન્ન માનીને દેહને કારણે સુખી-દુઃખી થતો નથી. પરની અનુકૂળતા અને પ્રતિકૂળતાના કારણે સુખ-દુઃખ થાય છે એમ માનતો જ નથી.

જ્ઞાની તો વિચારે છે કે, મને મરણ જ નથી તો પછી ભય કોનો? અમૃતસ્વરૂપ ભગવાન મરતો પણ નથી અને જન્મતો પણ નથી 'અમૃત એટલે મોક્ષ' એ વાત આગળ ૭૮ ગાથામાં આવી ગઈ છે. અહિંસારૂપ અમૃત એ મોક્ષનું રસાયણ છે. વિકલ્પનો અભાવ અને નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ તે અહિંસારૂપ અમૃત છે. શુભાશુભરાગથી રહિત ભગવાનના અવલંબને જે શાંતિ પ્રગટે તે અહિંસારૂપ અમૃત છે.

મને મરણ જ નથી તો ભય શેનો? શું ધ્રુવ વસ્તુ કદી મરે? મરે તો મરીને જાય ક્યાં! શાશ્વત્ સત્ છે તેને મરણ જ ન હોય. મરણ ન હોય પછી મરણનો ભય ક્યાંથી હોય? અને રોગ જ મને નથી તો વેદના મને ક્યાંથી હોય? ચૈતન્યમૂર્તિને રોગ જ ન હોય. આમ વિચારતાં જ્ઞાની મૃત્યુનો મહોત્સવ કરે છે.

બહારના મહોત્સવ તો બધાં બહુ કરે છે! જન્મના ને લગ્નના મહોત્સવ એ તો બધાં ધૂળના-આકુળતાના મહોત્સવ છે. છોકરાના લગ્ન હોય, પૈસા ખૂબ ખરચવાના હોય, નીરોગ અને રૂપાળા શરીર હોય, રાતે દસ વાગે જમણ હોય, બધાં માણસો ભેગાં થયા હોય...તો જુઓ પછી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન!

શ્રોતાઃ—તેમાં પણ આર્ત અને રૌદ્રધ્યાન થયું કહેવાય?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—હા...બાપુ! એ તો આકુળતાના મોટા ઉભરા છે. તેમાં શાંતિ નથી. વિકારના ઉભરા આવ્યા ભાઈ! એ તો દુઃખ આવ્યું!

અહીં તો આનંદના ઉભરા આવે તેની વાત છે. અરે! ભગવાનને અવલંબે અને આનંદની પર્યાયમાં ખોટ રહે એમ કેમ બને? દરેક આત્મા પોતે ભગવાન છે. સ્વયં સ્વસંવેદનસ્વરૂપ છે. કોઈની સામે જોવાની તેને જરૂર નથી. એવી જ એ ચીજ છે.

પર વડે જણાય એવી આ ચીજ નથી અને પરમાં પણ તાકાત નથી કે તે આત્માને જાણે. રાગમાં પણ એવી તાકાત નથી કે તે આત્માને જણાવે અને આત્માનું એવું સ્વરૂપ નથી કે તે રાગ વડે જણાય. દેવ-શાસ્ત્ર-ગુરુમાં એ તાકાત નથી કે સામા જીવને શરણ થાય અને આત્માનું એવું સ્વરૂપ નથી કે તે પરના શરણ વડે પોતે સશરણ

થાય. આવું જ આ તત્ત્વ છે. તેવા તત્ત્વને અંતર અનુભવમાં લઈ, વિશ્વાસે ચડી, મરણ સમયે શાંતિના ઝૂલે ઝૂલને! હીંચકામાં લોકો હીંલોળા લે છે ને! તેમ તું સ્વસંવેદનના હીલોળે હીલોળા લેતો દેહને છોડી દેજે.

અનંતવાર તો આર્તધ્યાન કરીને દેહ છોડયા છે. હવે એકવાર આ રીતે આનંદના હીંલોળે દેહ છોડીશ તો એક આંટે અનંતા આંટા બંધ થઈ જશે. ( વાહ ગુરુદેવ વાહ ! )

હું બાળક નથી, તરુણ નથી, વૃદ્ધ નથી, તો તે તે અવસ્થાને યોગ્ય મનોવેદના મને કેવી? બાળલીલા મને નથી કે યુવાનીના વિકાર મને નથી કે વૃદ્ધને યોગ્ય પરવશતાના વિચાર મને નથી કેમ કે હું વૃદ્ધ નથી.

જ્યાં તું છો ત્યાં આ બાળાદિ અવસ્થા નથી. છતાં આ મને છે, આ દુઃખ મને છે એમ કરીને અનંતકાળથી જીવન બગાડતો આવ્યો છે તેને કહે છે એકવાર તો જીવન સુધાર! તું બાળક, યુવાન કે વૃદ્ધ નથી તો તેને યોગ્ય મનોવિકાર ઊભા જ કેમ થાય!

હે મહાભાગ્ય! આ જરાક જેટલા શારીરિક દુઃખથી કાયર થઈને પ્રતિજ્ઞાથી ચ્યુત ન થઈશ. કરવાનું તો આ છે બાકી બધાં મીંડા છે. વ્રતાદિ ઘણાં લીધા હોય પણ સરવાળે અંતરમાં એકાગ્રતા ન રહે તો તેં શું કર્યું? સરવાળો સારો આવશે તો જ આગળના આંકડા સાચા ગણાશે. માટે દૃઢચિત્ત થઈને પરમ નિર્જરાની અભિલાષા કર!

અરે! ઊંડા નાંખેલા થાંભલા પણ હલ્યા હલે નહિ તો આ શાશ્વત્ ભગવાન હલ્યો હલે એ કેમ બને! ચિત્તને દૃઢ કર કે હું ગમે તેટલા પરિષહથી હલાવ્યો હલવાનો નથી. કેમ કે એવી તારામાં તાકાત છે. જે છે એ તાકાતને જ પ્રગટ કરવાની છે.

જો, જ્યાં સુધી તું આત્મચિંતવન કરતો થકો સંન્યાસ ગ્રહણ કરીને સંથારામાં બેઠો છો, ત્યાં સુધી ક્ષણે-ક્ષણે તને પ્રચુર કર્મોનો વિનાશ થાય છે! તું સ્વભાવની સાવધાનીમાં પડયો છો તો બાપુ! તારી શુદ્ધતા વધતી જાય છે, અશુદ્ધતા ઘટતી જાય છે અને કર્મ ગળતું જાય છે. માટે વિશ્વાસ કર અને પ્રભુને ચોંટી જા!

શું તું ધીરવીર પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છો? એ જેવા બહારમાં યોદ્ધા હતાં તેવું જ યોદ્ધાપણું અંદરમાં કરી દેખાડયું ને! બહારમાં યોદ્ધા હતાં એ તો ખરેખર કાયરપણું છે, બીજાની સાથે લડવું, જીતવું અને બીજાને પાછા પાડવા ને પોતે અધિક થવું એ તો બધાં કાયરના કામ છે. પુરુષાર્થનું કાર્ય તો એ છે કે આત્માના શ્રદ્ધા જ્ઞાન કરીને અંતરમાં ઠરી જવું તે પુરુષાર્થનું કામ છે. વીર્ય તો એને કહીએ કે જે સ્વરૂપની રચના કરે! કાંઈ રાગની રચના કરે તેને વીર્ય કહેવાતા હશે!

તારામાં આવું વીર્ય છે અને ભગવાને એવું જ વીર્ય કહ્યું છે કે જે સ્વભાવની

શાંતિ અને આનંદને રચે છે. તારાં બળનો સ્વભાવ જ એવો છે કે જે શાંતિ અને આનંદને જ રચે. રાગને રચે એવું તારાં બળનું સ્વરૂપ જ નથી. વળી, કોઈ બીજો રચી દે એમ નથી કહેવું હો! પોતે જ રચે એવો સ્વભાવ છે.

મારી વીર્ય શક્તિની શક્તિ એવી છે કે એ આનંદને જ રચે એવી શક્તિ છે. દુઃખને રચે કે પરના કાર્ય કરે કે પરને મારે, હરાવે એવું તો મારી શક્તિનું સ્વરૂપ જ નથી. આવું આત્માનું સ્વરૂપ છે તેવું માને નહિ તેણે આત્માને જ માન્યો નથી. આમ તો આત્મા...આત્મા કરે પણ એ આત્મા કેવો અને કેવડો છે તેની એને ખબર નથી.

અહીં પાંડવોનું ચરિત્ર યાદ કરવાનું કહ્યું. તે પાંડવો આપણે તો અહીં નજીકથી–શત્રુંજયથી જ મોક્ષ ગયા છે. જ્યારે એ રસ્તે જઈએ ત્યારે યાદ આવી જાય કે, અહીંથી પાંડવો મોક્ષ પધાર્યા છે. વીર્યને બહારથી સંકેલીને અંદરમાં લઈ ગયા કે બહારથી લોઢાના ધગધગતાં ઘરેણાં પહેરાવ્યાં પણ અંદરમાં શીતળતાના શણગાર સજ્યાં હતાં અને તેને અનુભવતા હતાં. તેનો વિચાર કર બાપુ! "રણે ચડયો રજપૂત છૂપે નહિ" તેમ આ મરણના ટાણે તારા પુરુષાર્થને ફોરવજે, ગોપવીશ નહિ. ટાણાં આવ્યાં ટાણાં બાપુ! જાગ રે જાગ!

અહીં શત્રુંજય ઉપર જ શત્રુએ ધગધગતાં લોઢાના ઘરેણાં પાંડવોને પહેરાવ્યાં હતાં. તે વખતે પાંડવો તપસ્યાથી ચ્યુત ન થયાં અને આત્મધ્યાનથી ત્રણ તો મોક્ષ પધાર્યા અને બે સ્વર્ગમાં ગયાં. તપસ્યા એટલે 'વીતરાગ શાંત અવિકારીપણું' તેનાથી પાંડવો ચ્યુત ન થયાં. એટલો વિકલ્પ પણ ન આવ્યો કે અરે! અમે હવે મુનિ થઈ ગયા, અમારે કોઈ સાથે વેર નથી છતાં તું આ લોઢાના દાગીના પહેરાવે છે! એવો વિકલ્પ પણ કોણ કરે! એ તો જાણે બરફની શાંત શીલાથી ઢંકાયેલું તત્ત્વ! ફટ ફાટીને કેવળજ્ઞાન! ત્યાંથી જ સીધો મોક્ષ! આ બધું શું તું ભૂલી ગયો?

શું તે મહાસુકુમાર સુકુમાલકુમારનું ચરિત્ર સાંભળ્યું નથી? જેનું શરીર શિયાળે થોડું થોડું કરડીને અતિશય કષ્ટ દેવા માટે ત્રણ દિવસ સુધી ભક્ષણ કર્યું હતું, એક સાથે ન ખાધું. છતાં મુનિરાજે તો અંતરમાં આનંદકંદમાં ઝૂલતાં...ઝૂલતાં શાંતિથી દેહ છોડયો. કિંચિત્ પણ માર્ગથી ચ્યુત ન થતાં જેમણે સર્વાર્થસિદ્ધિ સ્વર્ગ પ્રાપ્ત કર્યું. આ રીતે ભાઈ! તારાં પહેલાં આવા ઘણાં–અનંત કેડાયતો સિદ્ધના કેડે ચાલ્યા છે અને તું પણ સિદ્ધનો કેડાયત છો તો તેમને યાદ કરીને તું પણ તારી સાધના પૂરી કર!

આવા તો અસંખ્ય ઉદાહરણ શાસ્ત્રમાં છે કે જેમાં દુસ્સહ ઉપસર્ગ સહન કરીને

[ વધુ માટે જુઓ પાનું ૨૮ ]

# 卐 વૈરાગ્ય-ભાવના 卐

[ શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં મુખ્યપણે મુનિનો અધિકાર છે અને ગૌણપણે શ્રાવકનો અધિકાર છે. તેમાં અહીં ૨૦૫ ગાથામાં ભાવનાનું વર્ણન ચાલે છે.

પરથી વૈરાગ્યની પુષ્ટિ માટે બાર ભાવનાઓ ભાવવામાં આવે છે કે જેથી સ્વભાવની અસ્તિમાં આશ્રય કરવાની અનુકૂળતા રહે. સ્વભાવનો આશ્રય કરવા માટે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય એ અનુકૂળ કારણ છે અને બાર ભાવના ભાવવાથી સંસારથી વૈરાગ્ય થાય છે. માટે ધર્મી આ ભાવનાઓ ભાવે છે.

તે બાર ભાવનાઓનું અહીં વર્ણન કરે છે.

अध्रुवमशरणमेकत्वमन्यताऽशौचमास्रवो जन्मः ।
लोकवृषबोधिसंवरनिर्जराः सततमनुप्रेक्ष्याः ॥२०५॥

૧. અધ્રુવ ભાવના :—નિત્યસ્વરૂપ ભગવાન આત્માના ભાન સહિત અનિત્ય પદાર્થની વિચારણા તે અનિત્યભાવના છે. સંસારની સમસ્ત વસ્તુઓ શરીર, ભોગાદિ બધું નાશવાન છે અને આત્મા નિત્ય અને ધ્રુવ છે, માટે અધ્રુવ વસ્તુનું લક્ષ છોડીને ધ્રુવ ભગવાન આત્મામાં ચિત્તને લગાવવું તે અધ્રુવ અને અનિત્યભાવના કહેવામાં આવે છે. ધ્રુવ ભગવાન આત્માના લક્ષ વગરની એકલી અધ્રુવની વિચારણા તે ભાવના નથી.

તત્ત્વાર્થસારમાં આવે છે કે બાળકને જન્મ આપીને માતા તેને ગોદમાં લે એ પહેલાં તો અનિત્યે તેને ગોદમાં લઈ લીધો છે. શરીર અનિત્યની ગોદમાં આવી ગયું છે, તે તેના સમયે મરી જાય પણ આત્મા સદા નિત્ય સત્...સત્...ધ્રુવ છે. માટે એ ધ્રુવના લક્ષે અનિત્યભાવના ભાવીને નિત્યમાં આવવું.

૨. અશરણ ભાવના :—આ જગતમાં કોઈ કોઈને શરણ નથી. બધાં પ્રાણી કાળને વશ છે. મોટા મોટા ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ જેવાને પણ કાળ પૂરો થાય ત્યારે કોઈ બચાવી શકતું નથી.

જુઓને! ત્રણખંડના ધણી વાસુદેવ લક્ષ્મણ! એની શક્તિ કેટલી કે સિંહની પૂંછડી પકડે ત્યાં સિંહનો પેશાબ છૂટી જાય એવી તો શક્તિ. વ્રજનારાચસંહનનવાળું તો એનું શરીર! એ સિંહકેસરિયા લાડુ ખાઈને રાજસિંહાસન ઉપર બેઠા હતા અને

દેવોએ પરીક્ષા ખાતર આવીને રામના મરણના ખોટાં સમાચાર આપ્યાં, ત્યાં તો 'હા રામ!' કહીને મરણને પ્રાપ્ત થયાં. જુઓ વિચિત્રતા! કેવું નાશવાનપણું! ઓહોહોહો...! આવી અનિત્ય વિચારણા કરીને ધ્રુવ ઉપર આવવું.

કોઈ કોઈને શરણ નથી. વ્યવહારનયથી અરિહંત, સિદ્ધ, સાધુ અને જૈનધર્મ આ ચાર શરણ કહેવાય છે પણ નિશ્ચયથી પોતાનો આત્મા જ શરણ છે. સ્વભાવની શાંતિના લક્ષે શરણ મળે તેવું છે, બાકી કોઈ શરણ નથી. સ્વસન્મુખતા સહિત એવો વિચાર કરવો તે બીજી અશરણ ભાવના છે.

૩. સંસાર ભાવના :—સંસાર બહુ દુઃખરૂપ છે. તેમાં જરાય સુખ નથી. થોડું સુખ છે અને થોડું દુઃખ છે એમ નથી કહ્યું. પણ ઘણું દુઃખ કહ્યું છે એટલે એકલું દુઃખ છે, ચારે ગતિમાં ક્યાંય પણ સુખ નથી. આત્માના અનાકુળ સ્વભાવથી ચારેય ગતિ ઉલટી છે એટલે ચારેય ગતિમાં આકુળતા છે. ક્યાંય શાંતિ નથી.

આમ વારંવાર વિચાર કરે તો પરથી વૈરાગ્ય થાય અને સ્વ તરફના આશ્રયમાં જોડાય. ચારેય ગતિમાં તો ક્યાંય સુખ નથી. એક મોક્ષમાં સુખ છે. તેનો ઉપાય સ્વનો આશ્રય કરવો તે છે.

સંયોગથી વાત કરીએ તો નરકગતિમાં તો પ્રગટ દુઃખ છે. તાડન, છેદન-ભેદન, ભૂખ-તરસ આદિ અનેક પ્રકારે ત્યાં દુઃખ જ છે. ખરેખર તો આકુળતા એ દુઃખ છે પણ છેદન-ભેદન આદિથી પોતાને આકુળતા થાય છે, તેથી સંયોગને જ અહીં દુઃખના કારણ કહ્યાં છે.

તિર્યંચગતિમાં પણ ભૂખ-તરસ, ભારવહન આદિ ઘણાં દુઃખ છે. મનુષ્યગતિમાં અનેક પ્રકારની ચિંતાનું દુઃખ છે. રળવાની, ખાવાની, પીવાની, છોકરાં સાચવવાની, આબરૂની, પૈસા સાચવવાની, મકાનની, પોતાની શાખ પ્રમાણે વ્યવસ્થિત રહેવાની વગેરે અનેક અનેક પ્રકારની ચિંતાથી મનુષ્યગતિમાં પણ જીવ દુઃખી છે. પોતાની સ્થિતિ પ્રમાણે છોકરો વરે નહિ તો ચિંતા, સ્થિતિ પ્રમાણે છોકરીને સારું ઘર ન મળે તો પણ ચિંતા...ચિંતા ને ચિંતા...આમ મનુષ્યગતિમાં પણ જરાય સુખ નથી.

શ્રોતા :—ઘર, પુત્ર, પૈસો આદિ બધું અનુકૂળ હોય તો તો સુખ ખરું ને!

પૂજ્ય ગુરુદેવ :—ધૂળેય સુખ નથી. એ જ અહીં સિદ્ધ કરવું છે કે મનુષ્યગતિ પોતે જ દુઃખરૂપ છે પછી તેના સાધનોમાં ચિંતા ઊઠે એ તો એકલી બળતરાં જ છે.

મુમુક્ષુ :—સાહેબ! નિગોદના દુઃખની વાત સ્પષ્ટ કરો ને?

પૂજ્ય ગુરુદેવ :—નિગોદ એ તિર્યંચગતિમાં આવી જાય છે. તેમાં તો અનંતું દુઃખ છે. નરક કરતાં પણ તેમાં અનંતગણું દુઃખ છે. એક શરીરમાં અનંતા જીવ, જ્ઞાનનો ઉઘાડ અક્ષરના અનંતમા ભાગે અને અનંતાનુબંધી કષાયની આકુળતા આ બધું તીવ્ર દુઃખરૂપ છે. નરકમાં તો સંયોગથી વધારે દુઃખ દેખાય છે પણ નિગોદમાં તો સ્વભાવની હીનતાનું પરિણમન એ જ મહાદુઃખ છે. એક શ્વાસ જેટલા સમયમાં અઢાર વાર તો જન્મ-મરણ થાય છે. ઉપરા-ઉપરી એની એ જ જગ્યાએ જન્મ-મરણ... જન્મ-મરણ ચાલુ રહે છે. નિગોદની બહારમાં ઉપજવાના સ્થાન તો અસંખ્ય જ છે. તેથી અસંખ્ય જીવો બહાર નીકળે. બાકી તો બધાં નિગોદમાં જ અનંતા ભવ કરતાં આવ્યાં છે.

જુઓને ! આ લીલોતરી કેટલી પથરાઈ ગઈ છે ! નિગોદના જીવો એટલા છે કે, તેમાંથી અનંતમાં ભાગનો એક અંશ બહાર પ્રત્યેક વનસ્પતિમાં આવે તો આખો અઢી દ્વીપ વનસ્પતથી પથરાય જાય. બટાટા, સકરકંદ આદિ તાજા દેખાય છે ને ! પણ અંદરમાં અનંતા જીવો અનંત દુઃખથી પીડાય છે. પર્યાયની હીણી દશાનું દુઃખ ઘણું છે. ત્યાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો રસ પણ ઘણો હોય છે. સ્થિતિ ભલે થોડી હોય પણ કર્મોનો અનુભાગ—રસ બહુ તીખો હોય છે. એક શરીરમાં અનંત જીવને રહેવું પડે છે માટે સંકડાશનું દુઃખ છે એમ નથી પણ અનંતગુણની હીણી દશા થઈ ગઈ છે તેનું ઘણું દુઃખ છે. જ્ઞાન અનંતમાં ભાગે છે, આનંદ તો બિલકુલ નથી, શ્રદ્ધા આખી વિપરીત છે. શરીરો બદલ્યા કરે—આમ અનેક પ્રકારે ઘણું દુઃખ છે.

જેમ રાજા હોય તેને ૨૦૦ જાતના તો જોડા હોય, જુદાં-જુદાં સમયે જુદાં-જુદાં પહેરે. મમતા ઘણી એટલે શું કરે ! જોડાં ફેરવ્યાં કરે. બૈરાઓ પાસે જોયું છે ! કેટલી જાતના જુદાં-જુદાં સાડલા હોય ! બહાર જવાનો જુદો, ઘરનો જુદો, કોઈને મળવા જવાનો જુદો, રાતનો જુદો, જંગલ જવાનો જુદો...મમતા એટલી છે કે ફેરવ્યા ફેરવ કરે છે. તેમ નિગોદના જીવને મમતા ઘણી છે, શરીર સિવાય બીજો કોઈ સંયોગ તો છે નહિ તો શરીર બદલ્યાં કરે છે. આમ, નિગોદના દુઃખનું વર્ણન થઈ શકે નહીં એટલાં દુઃખ છે. તે સિવાય બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય તિર્યંચોને પણ ઘણાં દુઃખ છે.

પાલેજમાં નજરે જોયું છે કે, ઉંદરને પકડીને તેના ઉપર ધગધગતાં પાણી રેડે. એ રીતે બીજાં પણ અનેક જીવોના દુઃખ જોવે જ છે ને ! પણ આ દુઃખ એને જ છે એમ નથી હો ! આ જીવે પણ આ બધાં દુઃખ ભોગવ્યાં છે કેમ કે રાગની એકતા-બુદ્ધિમાંથી આંખ ખોલીને તેણે કદી જોયું જ નથી.

આ રીતે દુઃખનો વિચાર કરી વૈરાગ્ય લાવે તો બહારથી ખસી અંતર તરફ

જાય. તીર્થંકરો પણ ગૃહસ્થાશ્રમમાં આવી વૈરાગ્ય ભાવના ભાવે છે. એ તો જન્મથી સમ્યગ્દર્શન અને ત્રણજ્ઞાન લઈને આવ્યા છે. એટલે ૯૬ હજાર રાણી અને રાજવૈભવનો પાર નહીં તોપણ આ મારું નહિ...આ નહિ...અમે આ ભવે મોક્ષ જનારા અને અમને આ રાગની સ્થિતિ ક્યાં સુધી !.. એમ વૈરાગ્ય ભાવના ભાવે છે.

મનુષ્યગતિમાં મુખ્યપણે ચિંતાનું દુઃખ કહ્યું ને! જેમાં એ પોતે ઠીક માને છે તેમાં જ ચિતા રહેલી છે અને ચિંતા તો અગ્નિ છે.

ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, ગુણ, જ્ઞાન,
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.

મનુષ્યગતિમાં આ દુઃખ છે. તો દેવમાં ખાસ કરીને વિષય-વાસનાનું દુઃખ વધારે. વિષય-વાસના એ પોતે જ દુઃખ છે, આકુળતા છે, તેનાથી આત્માની શાંતિ ઉપર પ્રહાર પડે છે. વિષયની અગ્નિના અંગારામાં દેવો શેકાય જાય છે. ચણા જેમ તાવડામાં શેકાય તેમ દેવો આકુળતામાં શેકાય છે. નાના દેવો મોટા દેવોનો વૈભવ જોઈને દુઃખી થાય છે કે અરે! અમને આવું નહિ!

અનુકૂળતા તરફનો વિકલ્પ એ પણ આકુળતાની અગ્નિ છે. આનંદસ્વરૂપ ભગવાનથી ખસીને જે કાંઈ વિકલ્પ આવે તે દુઃખરૂપ જ છે, ભલે તે શુભવિકલ્પ હો કે અશુભ હો બન્ને દુઃખરૂપ જ છે. આમ ધર્મી જીવે હંમેશા સ્વની પુષ્ટિ અને પરથી વૈરાગ્ય માટે આવી ભાવના ભાવવી.

દેવોનું આયુષ્ય લાંબું હોય છે અને દેવીનું આયુષ્ય ટૂંકું હોય છે તેથી વિયોગનું દુઃખ પણ લાગ્યા જ કરે છે. એક દેવી સાથે પ્રેમ બંધાણો હોય ત્યાં એ ચાલી જાય અને બીજી આવે. વળી બીજી જાય ને ત્રીજી આવે, કેમ કે દેવીનું વધુમાં વધુ આયુષ્ય ૫૫ પલ્યોપમનું હોય અને દેવનું આયુષ્ય તો સાગરોપમનું હોય. તેથી દેવીનો વિયોગ થયા કરે, તેનું દુઃખ થયા કરે. સંયોગ હોય તોપણ આકુળતા છે અને વિયોગ થાય તેમાં પણ આકુળતા છે. સંયોગ-વિયોગ બંને આકુળસ્વરૂપ છે.

વળી, દેવોનું આયુષ્ય પૂરું થવાનું હોય તે પહેલાં છ માસ અગાઉ માળા કરમાવા લાગે છે ત્યારે અત્યંત ખેદ અને દુઃખ થાય છે કે અરે! હવે અહીંથી ચાલ્યું જવાનું! મરીને પાછાં કેટલાક તો ગધેડામાં ઉપજવાના હોય, કોઈ વનસ્પતિમાં, કોઈ પૃથ્વીમાં, કોઈ પાણીમાં ..તળાવ આદિના પાણીમાં ખૂબ ગૃદ્ધિ કરીને નાહ્યાં હોય તો મરીને જાય પાણીમાં! વનસ્પતિમાં પણ હલકી વનસ્પતિમાં ન જાય, ઊંચી જાતના ફૂલ આદિમાં ઉપજે, પૃથ્વીમાં પણ હીરા વગેરે ઊંચી પૃથ્વીમાં ઉપજે. આવા આવા અનંત

ભવ આ જીવે કર્યા છે. એક સ્વાશ્રયદૃષ્ટિ વિના પરાશ્રયદૃષ્ટિમાં આવા અનંત ભવો કર્યા છે. તેમાં કયાંય સુખ નથી.

આ રીતે ચારેય ગતિમાં એકલું દુઃખ છે. એક માત્ર સુખ પંચમગતિમાં છે. તેથી પ્રત્યેક જીવે ચારગતિરૂપ સંસારથી ઉદાસીન થઈને પંચમગતિ—મોક્ષ પામવાનો ઉપાય કરવો જોઈએ. આવું હંમેશા ચિંતવન કરતાં રહેવું તે ત્રીજી સંસાર ભાવના છે.

૪. એકત્વ ભાવના:—આ આત્મા સદા એકલો જ છે, કયાંય બેકલો નથી. અહીં કુટુંબીજનો 'ભાઈ...ભાઈ' કરે ત્યાં પોતાને સુખી માનવા લાગે પણ તેમાં એકલી જ છે. જન્મ, મરણ અને જીવનમાં જીવ એકલો જ છે, તેનો કોઈ સંગી નથી.

એક સજ્ઝાયમાં શ્રીકૃષ્ણની વાત આવતી હતી કે...

જન્મતાં કોઈએ ન જાણીયો, મરતાં ન કોઈ રોનાર રે,
તરસે તરફડે ત્રિકમો, નહિ કોઈ પાણીનો પાનાર રે,
ગર્વ ન કરશો રે ગાત્રનો...સહજાનંદી રે આતમા.

તૂં કાં સૂતો નિશ્ચિત રે, મોહ તણાં રણિયા ભમે,
જાગ! જાગ! મતિવંત રે, લૂંટે જગતના જંત રે,
નાંખી વાંક અનંત રે, કોઈ વિરલા ઉગરંત રે...સહજાનંદી...

આવી તો ઘણી સજ્ઝાય ગાયા કરતાં, તેમાંથી વૈરાગ્યની હોય તે યાદ રહી જાય, દુકાનમાં હતાં ત્યારે પણ કોઈ સાધુ આવ્યા હોય તો આપણે તો દુકાન છોડીને ચાલ્યા જઈએ. એ (ભાગીદાર) જાણે કે એ તો ભગત છે, એ નહિ રોકાય.

લૂંટે જગતના જંત રે, નાંખી વાંક અનંત રે...ઘરના માણસ એમ વાંક કાઢે કે, આમ નહોતું કરવું તો પરણ્યાં શું કામ! વિગેરે બીજી પણ વૈરાગ્યની સજ્ઝાય આવતી કે,

રાવણ સરીખા રે રાજવી, નાગા ચાલ્યા વિણ ધાગ રે,
દશ માથા રે રણ રડવડયાં, ચાંચ દિયે શિર કાગ રે...

એ રીતે દ્વારકા બળી ગઈ તેની વાત પણ આવતી કે, આખી સોનાના ગઢવાળી દ્વારકા બળી ગઈ, લોકો બળીને ખાખ થઈ ગયા ત્યારે કૃષ્ણ ને બળદેવ બહાર ઊભાં-ઊભાં રુએ છે કે, ભાઈ! આ પુણ્ય કયાં ગયાં? દેવતાએ નગરી બનાવી એ આ સોનાના ગઢ સળગે...પાણી નાંખીએ તે પણ તેલનું કામ કરે છે, આ શું થયું ભાઈ? દેવો પણ બધાં નાસી ગયાં! બે ભાઈ એકલા વનમાં ચાલ્યા જાય છે. થાકીને કૃષ્ણ

ઝાડ નીચે બેસી જાય છે, પાણીની તૃષા ખૂબ લાગી છે તો બળભદ્ર પાણી લેવા જાય છે ને પાછળથી બાણ વાગતાં કૃષ્ણ મરી જાય છે....

બ્રહ્મદત્ત ચક્રવર્તી જુઓ ને! મરીને નરકમાં ચાલ્યો ગયો.

વાલેસર વિના એક ઘડી સુહાતું ન લગાર રે,
તે વિણ જન્મારો વહી ગયો...નહિ કાગળ સમાચાર રે....

એક-બીજા વગર ન ચાલે એમ માને છે પણ તેના વગર વર્ષોના વર્ષો નીકળી જાય છે. આત્માને કોઈ સંગી નથી. તે સુખ ભોગવવામાં એકલો, સંસારભ્રમણમાં એકલો અને નિર્વાણમાં પણ એકલો છે. આમ સદા આત્મા એકલો રહે છે, તેનો કોઈ સાથી નથી એવું હંમેશા વિચારવું તેને એકત્વ ભાવના કહે છે.

૫. અન્યત્વ ભાવના :—સંસારના જેટલા પદાર્થો છે તે બધાં જુદાં જુદાં છે. આત્મા જુદો, શરીર જુદું, વાણી જુદી, મન જુદું, કર્મ જુદાં—આમ બધાં પદાર્થ આત્માથી જુદાં છે. કોઈ કોઈમાં મળેલાં નથી. જ્યારે આ મન, વચન પણ આત્માથી જુદાં છે તો આ પ્રગટરૂપે જુદાં એવા ઘર, સ્ત્રી, પુત્રાદિ આત્મા સાથે એક કેવી રીતે હોઈ શકે?

આમ પરપદાર્થથી જુદાંપણું ભાવતાં પરથી વૈરાગ્ય થાય અને સ્વભાવસન્મુખતા થાય તેને માટે આ ભાવનાની વ્યાખ્યા કરવામાં આવે છે. ઉપર કહ્યું તેમ બધાંથી જુદાં આત્માની ભાવના કરવી તે અન્યત્વ ભાવના છે.

૬. અશુચિ ભાવના :—આ શરીર સદા નવદ્વારથી વહેતાં મળ-મૂત્રનો ખજાનો મહા અશુચિરૂપ છે. અહા...! ભગવાન આત્મા અમૃત-આનંદનો ખજાનો છે અને આ શરીર મળ, મૂત્રનો ખજાનો છે, વેદનાની મૂર્તિ છે. ક્યાં પવિત્ર આત્મા! અને ક્યાં આ અપવિત્ર દેહ! બંનેનું સ્વરૂપ વિચારીને શરીર પ્રત્યે વૈરાગ્ય લાવવા માટે તને કહીએ છીએ, કાંઈ દ્વેષ કરાવવા માટે નથી કહેતાં. આત્મા તો જ્ઞાનમય મહાપવિત્ર છે તો આત્માનો આ દેહાદિથી સંબંધ કેવી રીતે હોઈ શકે?—એમ વારંવાર ચિંતવન કરવું તે છઠ્ઠી અશુચિ ભાવના છે.

વૈરાગ્ય...વૈરાગ્ય...વૈરાગ્ય આવે તેવું જ છે. આહાહા...! કૌસાંબી વનમાં કૃષ્ણ એકલાં તરફડે છે. જેનો હુકમ થતાં હજાર દેવો હાજર હોય, કહો! અન્નદાતા શું હુકમ છે? એ જ કૃષ્ણને મરણ સમયે કોઈ પાણી પાનાર પણ ન હતું જુઓ તો ખરા! સંસાર આવો જ છે. પાકા મકાન કરાવ્યા હશે, પાણીના ટાંકા કરાવ્યા હશે, અનાજના કોઠાર ભરાવ્યા હશે પણ મરણ સમયે તે કોઈ શરણ થનાર નથી.

આત્મા એક જ શરણ છે, આત્મા અમૃતસ્વરૂપ છે ત્યાં જા ને! ત્યાં જા ને! અહીં ક્યાં રોકાણો છો?

જે બે ચીજ જ જુદી છે તે એક કેમ હોઈ શકે? શરીર મળ-મૂત્રનો ખજાનો અને ભગવાન અમૃત આનંદનો ખજાનો છે. તે બંને ભલે એક જગ્યાએ રહેલાં છે પણ બંને નિરાળી ચીજ છે તે એક કેમ થઈ શકે!—આમ વારંવાર ચિંતવવું તે અશુચિ ભાવના છે.

૭. આસ્રવ ભાવના :—મિથ્યાત્વાદિ આસ્રવભાવ વડે આ જીવ હંમેશા કર્મોનો આસ્રવ કર્યા કરે છે. પાંચ પ્રકારના મિથ્યાત્વ, બાર પ્રકારના અવ્રત, ૨૫ પ્રકારના કષાય અને ૧૫ યોગ—એમ કુલ ૫૭ પ્રકારના આસ્રવના ભેદ વડે હંમેશા આ જીવ કર્મોનો આસ્રવ કર્યા કરે છે. આ બધાં આસ્રવ દુઃખરૂપ છે. કર્મબંધનનું કારણ છે. માટે જ્યાં સુધી શુદ્ધભાવરૂપ સંવર વડે તે આસ્રવોનો ત્યાગ ન થાય ત્યાં સુધી આ જીવ સંસારથી છૂટી શકતો નથી.

જીવને આ આસ્રવ જ દુઃખદાયક છે. જુઓ! સંયોગને દુઃખદાયક ન કહ્યો. આસ્રવ જે મલિન ભાવ તે જ જીવને દુઃખદાયક છે.—એમ વારંવાર ચિંતવન કરવું તે વૈરાગ્યનું કારણ હોવાથી તેને આસ્રવ ભાવના કહેવાય છે.

૮. સંવર ભાવના :—ભગવાન આત્માના આશ્રયે જે સંવરભાવ થાય તે જ જીવને સંસારથી છોડાવનાર છે અને મોક્ષમાં પહોંચાડનાર છે. બીજો કોઈ ઉપાય નથી. પાંચ મહાવ્રત, પાંચ સમતિ, ત્રણ ગુપ્તિ, બાર ભાવના અને બાવીશ પરિષહ તથા પાંચ પ્રકારના ચારિત્ર એ બધાં સંવર થવાના કારણો છે. તેમાં સ્થિરતારૂપ ભાવ તે યથાર્થ કારણ છે અને વિકલ્પરૂપ વ્રતાદિ છે તે નિમિત્તકારણ છે. માટે, બધાં પ્રાણીઓએ આ બધાં કારણોને ધારણ કરી સંવરની પ્રાપ્તિ કરવી જોઈએ. આવું વારંવાર ચિંતવન કરવું તેને જ સંવર ભાવના કહે છે.

જેમ, સંસારની ભાવનાવાળો લૌકિક પ્રસંગો અને તેમાં કરેલાં ખર્ચા વગેરેની વાતો જ્યાં ત્યાં કર્યા જ કરે છે કે મેં તો દીકરીના લગ્નમાં બે લાખ ખરચ્યાં, આટલા લાખનું મકાન લીધું વગેરે...તેમ આત્માની ભાવનાવાળો વારંવાર સ્વરૂપની ભાવના અને તેનું આરાધન કર્યા જ કરે છે તેનું નામ સંવર ભાવના છે.

જેમ જન્મ-મરણનો ક્રમ ચાલુ જ છે તેમ મુક્તિનો મોક્ષમાર્ગ પણ ચાલુ જ છે. અનંતા જીવો આ માર્ગે આવી ભાવના ભાવીને મુક્તિ પામ્યા છે.

૯. નિર્જરા ભાવના :—કર્મોનો એકદેશ ક્ષય થવો તેને નિર્જરા કહે છે. તે નિર્જરા બે પ્રકારની છે. (૧) સવિપાક નિર્જરા (૨) અવિપાક નિર્જરા. તેમાં સવિપાક નિર્જરા તો સંસારના સમસ્ત જીવોને સદૈવ થયા જ કરે છે. જેમ કે આ મનુષ્યગતિ છે તેમાં પૂર્વે બાંધેલી નરક, તિર્યંચ આદિ ગતિના કર્મો ખરી જાય છે. (આયુષ્યના નહિ પણ ગતિના કર્મો હો!)

બીજી, અવિપાક નિર્જરા તે સ્વભાવના લક્ષે શુદ્ધિની વૃદ્ધિ થતાં અશુદ્ધતા અને કર્મો ટળે તેને નિર્જરા કહેવાય છે. તે સાચું તપ કરવાથી જ થાય છે. આ અવિપાક નિર્જરા વિના જીવ સંસારથી મુક્ત થઈ શકતો નથી. માટે, મોક્ષાર્થી જીવોએ આ અવિપાક નિર્જરા અવશ્ય કરવી જોઈએ.—આવું વારંવાર ચિંતવન કરવું તેને જ નિર્જરા ભાવના કહે છે.

૧૦. લોક ભાવના :—આ અનાદિનિધન લોક કોઈએ બનાવ્યો નથી. કોઈ એનો રક્ષક નથી કે કોઈ એનો નાશ કરનાર નથી. એ સ્વયંસિદ્ધ અવિનાશી કદી પણ નાશ પામનાર નથી. છ દ્રવ્યોથી સદાય લોક ભરેલો જ છે. લોકના ત્રણ ભાગ છે. અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક. તેમાં અનાદિકાળથી મિથ્યાદૃષ્ટિપણે આ જીવ ભ્રમણ કરી રહ્યો છે. પોતાના સ્વરૂપનું ભાન નથી અને રાગાદિ તથા પરદ્રવ્ય મારાં છે એમ માનીને લોકમાં રખડી રહ્યો છે. ત્રણલોકમાં ક્યાંય સુખનો અંશ પણ નથી. લોકનો નિવાસ મહાન દુઃખની ખાણ છે માટે, આ લોકનો નિવાસ—ચારગતિમાં રખડવું ક્યારે છૂટે તેનો વારંવાર વિચાર કરવો તેને જ લોક ભાવના કહે છે. જુઓ! આમાં લક્ષ્મી ક્યારે વધે, છોકરા ક્યારે મોટા થઈ જાય અને બધી અનુકૂળતા આવી જાય! એવી ભાવના કરવાનું નથી કહ્યું. સંસારથી ક્યારે છૂટું તેની ભાવના કરવાનું કહ્યું છે.

૧૧. બોધિદુર્લભ ભાવના :—સંસારમાં બધી જ વસ્તુઓ સુલભ છે. અર્થાત્ સંસારની બધી જ વસ્તુઓ દરેકને અનંતવાર મળી છે. સ્ત્રી, પુત્ર, સુંદર રૂપ, વૈભવ, આબરૂ, બહારની સરખાઈ આદિ તો શીઘ્ર પ્રાપ્ત થઈ શકે છે. આજનો ભિખારી કાલે તવંગર થતો દેખાય છે ને! ૧૫ રૂ.ના પગારવાળો થોડા સમયમાં મોટો ઉદ્યોગપતિ થઈ જાય કેમ કે એ તો બધું પુણ્યાધીન છે. એ મળે તોપણ તેનાથી આત્માને શું લાભ! એ તો બધાં પુણ્યના ખેલ છે. આત્માને તેમાં કાંઈ લાભ નથી.

આ જીવને જો કાંઈ દુર્લભ અને કઠિન હોય તો તે એક કેવળજ્ઞાન છે. તે અનંતકાળમાં કદી પણ મળ્યું નથી અને તેના વગર તો મોક્ષ મળતો નથી. માટે, પ્રત્યેક પ્રાણીએ તે જ કેવળજ્ઞાન પ્રગટ કરવામાં તત્પર અને પ્રયત્નશીલ થવું જોઈએ. તે

માટે તું ક્ષાયિકભાવ પ્રગટ કર! ક્ષાયિકભાવ પ્રગટ કર! ક્ષયોપશમભાવના ભરોસે ન રહે.

જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આ જીવ સંસારમાં ભ્રમણ કરતો જ રહેશે માટે, હે આત્મા! જો તારે વાસ્તવિકસુખની પ્રાપ્તિ કરવી હોય તો તું શીઘ્ર ચાર ઘાતિકર્મોનો નાશ કરી શીઘ્ર જ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર! આ કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે એક ઉપાય એ છે કે તું તારા સ્વભાવનો આશ્રય લે!... આ પ્રકારનું વારંવાર ચિંતવન કરતાં રહેવું તે બોધિદુર્લભ ભાવના છે.

૧૨. ધર્મ ભાવના :—વાસ્તવમાં જીવને સુખ આપનારી વસ્તુ એક ધર્મ છે. તે ધર્મ શું છે! કે પ્રત્યેક વસ્તુનો જે સ્વભાવ છે તે જ તેનો ધર્મ છે. આત્માનો ધર્મ તેના જ્ઞાન, શ્રદ્ધા, આનંદ આદિ ગુણો છે. જ્યારે જીવ પોતાના આ સ્વભાવધર્મમાં પરિણમન કરે ત્યારે તેને સુખી અને શુદ્ધ કહેવાય છે. આત્માનો જ્ઞાનગુણ છે તે જાણવાપણે પરિણમે, શ્રદ્ધાપણે પરિણમે, સ્થિરપણે પરિણમે ત્યારે આત્માનો ધર્મ પ્રગટ થયો કહેવાય. હવે જ્યાં સુધી તે જ્ઞાનધર્મનો અથવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે ધર્મોનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી આ જીવ સંસારના બંધનમાંથી છૂટી શકતો નથી.

ઉત્તમ ક્ષમા, માર્દવ આદિ ધર્મો એ પણ આત્માના ધર્મ છે. આત્માની દયા કરવી એ પણ ધર્મ છે. પરની દયા કરવી તે શુભભાવ છે. અકષાય કરુણા, વીતરાગતા આદિ જે પ્રગટ થાય છે તે પણ આત્માના ધર્મો છે. અરિહંતદશા પ્રગટ થાય છે તે પણ આત્માનો ધર્મ છે. તત્ત્વાનુશાસનમાં પ્રશ્ન કર્યો છે મહારાજ! તમે અરિહંતનું ધ્યાન કરો છો પણ અરિહંત તો અત્યારે છે નહિ તો એ ધ્યાન જૂઠું ન થયું? તેને આચાર્ય જવાબ આપે છે કે, આત્મા પોતે જ અરિહંત છે કેમ કે ભવિષ્યમાં અરિહંતદશા થવાની છે તે અત્યારે દ્રવ્યમાં પડી છે માટે અરિહંતનું ધ્યાન જૂઠું નથી, સત્ય છે. આત્માની શક્તિમાં—સત્ત્વમાં—ગુણમાં અને ભાવમાં અરિહંતપદ પડ્યું છે માટે તો તેના ધ્યાનથી શાંતિ પ્રગટે છે. પાંચેય પદની પર્યાય આત્મામાં બિરાજમાન છે.

વીતરાગદશા, શાંતિદશા, અકષાય વીતરાગીભાવ આ બધું આત્મામાં અત્યારે વિદ્યમાન છે, તોપણ જ્યાં સુધી પર્યાયમાં તેની પ્રાપ્તિ અને વિકાસ ન થાય ત્યાં સુધી આ આત્મા સંસારરૂપી જેલમાંથી છૂટી શકતો નથી અર્થાત્ મોક્ષ પામી શકતો નથી. શ્રીમદ્ સોળ વર્ષની ઉંમરે કહ્યું છે 'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે' કેમ કે આ સંસારરૂપી જેલ છે અને તેને રાગના તાળા માર્યા છે તેમાંથી નીકળી જાય એ કોઈ દિવ્ય શક્તિમાન જ હોય.

એક એવો પ્રસંગ બન્યો હતો કે એક રાજાએ તેની રાણીને કાંઈ બોલવા ફેર થયો હશે તે ભૂલ ખાતર એવી સજા કરી કે તેને એક ભોંયરામાં નાના એવા સાંકડા પીંજરાની અંદર પૂરીને રાખી અને પગે વજન લટકાવ્યા એટલે જરાય હલી-ચલી ન શકે અને રોજ અડધો રોટલો અને પાણી ખાવા આપે. બાઈ કહે, આ કરતાં તો મને મારી નાંખો આ પીડા સહન થતી નથી. તો રાજા કહે, ના. તને તો રિબાવી-રિબાવીને મારવી છે. જુઓ આવો પ્રસંગ ઈ બાઈને જ બન્યો હતો એમ નથી હો. દરેકની ઉપર આવા પ્રસંગો વીતી ગયા છે.

જેમ, અનાદિથી જીવ વસેલો છે તેમાં આવા દુઃખો અનંતવાર આવ્યા છે તેમ, એ વખતે પણ આત્માનો સ્વભાવ તો અનાદિથી એવો ને એવો વસેલો જ છે. શુદ્ધ-સ્વભાવે આત્મા રહેલો છે પણ રાગની એકતાના તાળા મારેલા છે તેને હવે તોડ અને અમૃત આનંદના ખજાના ખોલ! આ સિવાય બીજે કોઈ સુખી થવાનો ઉપાય નથી. આમ ચિંતવન કરવું તે ધર્મ ભાવના છે.

આ રીતે બાર ભાવનાનું વર્ણન કર્યું, કેમ કે સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં તે પ્રધાન સહાયક છે. અનુકૂળતાના ગંજ હોય તે વખતે પણ પ્રતિકૂળતાનો વિચાર કરવો. કેમ કે અનુકૂળતાનો સંયોગ આવે છે તે પણ વિયોગ સાથે લઈને જ આવે છે, તે કાંઈ કાયમી ચીજ નથી. માટે, જીવતાં જેણે સંયોગકાળે સંયોગના વિયોગની ભાવના કરી હશે તેને મરતાં વિયોગકાળે ખેદ નહિ થાય. જેણે જીવનની દરેક પળમાં સંયોગ અને વિયોગ સાથે ભાવ્યા હશે તેને વિયોગકાળે કાંઈ નવું નહિ લાગે — ખેદ નહિ થાય.

બાર ભાવનાઓનું ચિંતવન કરવાથી વૈરાગ્યની પુષ્ટિ થાય છે. માટે તેનું હંમેશા ચિંતવન કરવું જોઈએ. વિચાર તો કરો! કૃષ્ણ અને બળદેવ બે જોડા! એ જ્યારે દ્વારકા બળી ગઈ અને બહાર વનમાં કૃષ્ણ તરસે તરફડે અને પાણી માંગે ત્યાં મોસંબીના પાણી હાજર થાય એવા બળદેવ પાણી લેવા જાય અને જ્યાં લઈને આવે છે ત્યાં તો કૃષ્ણનું મડદું પડયું હોય છે જુઓ! એક જોડો ગયો અને એક જોડો સામે ઊભો છે. બહારમાં છે કોઈ શરણ! સંસારની આવી જ સ્થિતિ છે તે કાંઈ નવી નથી. માટે આવી વૈરાગ્ય ભાવના હંમેશા ભાવવી જોઈએ.

[ અનંત ભાવનો અભાવ કરાવનાર બાર ભાવનાનું સ્વરૂપ સમજાવનાર વૈરાગ્યમૂર્તિ શ્રી સદ્ગુરુદેવનો જય હો. ]

—*—

# 卐 પરિષહજયનું વાસ્તવિક સ્વરૂપ 卐

[ શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયની આ ૨૦૬ થી ૨૦૮ ગાથા છે. તેમાં મુનિધર્મની બાવીશ પરિષહોની વાત ચાલે છે પણ સાથે શ્રાવકને પણ તેનો એકદેશ ભાગ લાગુ પડે છે. દશપ્રકારના ધર્મ, બાર પ્રકારની ભાવના, બાવીશ પ્રકારનો પરિષહજય આદિ બધાં ભાવો મુનિને સર્વથા પ્રકારે હોય છે તો શ્રાવકને અંશે હોય છે.

ગૃહસ્થાશ્રમમાં રહેલાં શ્રાવકને પણ પરિષહો સહન કરવાના હોય છે. સહન કરવા એટલે શું કે જ્ઞાતા-દ્રષ્ટાપણે શાંતિ રાખવી. સંસારમાં પ્રતિકૂળતા તો આવે જ છે. ભૂતકાળમાં અનંતી પ્રતિકૂળતાઓ આવી છે. જેની વાત સાંભળતા રૂંવાટા ખડાં થાય એવી વેદના કે જેને ભગવાન જાણે અને પોતે ભોગવે! એવી વેદના આ જીવે પૂર્વે અનંતવાર ભોગવી છે. કેવી રીતે?—કે પરવશપણે. અશાતાનો ઉદય અને તેમાં મળેલી પ્રતિકૂળતા પરવશપણે એણે સહન કરી છે તો હવે કહે છે કે તને આવો મનુષ્યભવ મળ્યો છે અને આત્માનું ભાન થયું છે તો પ્રતિકૂળતા આવે તેમાં સમાધાન અને શાંતિ રાખવી તે આત્માને હિતરૂપ છે.

બાવીશ પ્રકારના પરિષહ :—ભૂખ, તરસ, ઠંડી, ગરમી, નગ્નપણું, યાચના, અરતિ, અલાભ, મચ્છર વગેરેના ડંશ, નિંદા, રોગ, શરીરનો મળ, કાંટા વગેરે લાગવા, અજ્ઞાન, અદર્શન, પ્રજ્ઞા, આદરસત્કાર, શયન, ચાલવું વધ, આસન અને સ્ત્રી—આ બાવીશ પરિષહોને મુનિઓ સંકલેશ દૂર કરીને અને સંકલેશભાવથી ડરતાં સદૈવ સહન કરે છે. સંકલેશ નામ સંસારના પરિભ્રમણથી ડરીને ધર્માત્માએ પોતાની ઉપર આવેલાં આ બાવીશ પરિષહોને શાંતભાવે સહન કરવા.

૧. ક્ષુધા પરિષહ :—બધાં જીવો ભૂખના કારણે ઘણાં દુ:ખી થાય છે. જુઓને! દુકાળ પડે ત્યારે કેટલા તિર્યંચો ઘાસચારા વિનાના દુ:ખી થઈને મરી જાય છે. છપ્પનિયાના દુકાળમાં અમારી ઉંમર દશ વર્ષની હતી તે વખતે જોયું છે ને! કેટલો ત્રાસ! ગાયોની આંખમાંથી આંસુ ચાલ્યા જાય અને ગોવાળ પણ માથે ધાબળા નાંખીને રોવે કે, અરેરે! અમે રોટલા ખાઈએ છીએ પણ આ ગાયોને ઘાસનું ક્યાંય તરણુંય નથી મળતું. એને ખાધા-પીધા વગરની નબળાઈ પણ એટલી આવી ગઈ હોય કે પાણી પીવું હોય તોપણ ચાલીને જાય કેવી રીતે! આવું તો અનંતવાર થયું છે હો!

ગૃહસ્થાશ્રમમાં રહેલાં મનુષ્યોને પણ જુઓને! કેન્સર થયું હોય, પેટમાં ભૂખ ઘણી હોય પણ ખોરાક તો શું, પાણી અડે ત્યાં પણ રાડ પડતી હોય... આવી-આવી પીડાઓ અનંતવાર સહન કરી છે. હવે આવા ટાણાં આવે ત્યારે શાંતિ રાખજે ભાઈ!

મુનિમહારાજે અને ગૃહસ્થે જ્યારે ભૂખની પીડા હોય ત્યારે એમ વિચારવું જોઈએ કે હે જીવ! તું અનાદિકાળથી સંસારમાં ભટકી રહ્યો છે, અનેક પ્રકારની વસ્તુઓનું તેં ભક્ષણ કર્યું છે પણ આજ સુધી તારી ભૂખ શાંત થઈ નથી. નરકગતિમાં પણ ભૂખ ખૂબ સહન કરી છે. આખા જગતનું અનાજ ખાવા મળે તોપણ ભૂખ શાંત ન થાય, આખા જગતનું પાણી મળે તોપણ તૃષા છીપે નહિ એટલી ભૂખ-તરસ હોવા છતાં એક અનાજનો કણ પણ ત્યાં મળ્યો નથી.

હવે તું અત્યારે મોક્ષની પ્રાપ્તિ માટે તૈયાર થઈ રહ્યો છો અને આ તારું શરીર અહીં જ રહી જશે માટે શાંત જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીનતા વડે ભૂખનો નાશ કરી દે. 'અરે! હું તો આત્મા છું. મારો તો રાગ રહિત અવિકારી શાંત સ્વભાવ છે' એવા શાંતભાવમાં રહીને ક્ષુધા આદિ સહન કરજે. હઠથી સહન કરે તેને સહન કર્યું કહેવાતું નથી. તું તો શાંત સ્વભાવના શરણે જઈને શાંતિથી સહન કરજે જેથી શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ થઈ જાય. આ પ્રકારનો વિચાર કરતાં મુનિ ભૂખને જીતે છે.

વર્તમાનમાં નીરોગ શરીર જોઈને તેના ભરોસે રહીશ નહિ. શરીરમાં તો અનેક પ્રકારની રોગાદિની અવસ્થા ભજે છે. તેને તું શાંતિથી સહન કરજે. શાંતિ એટલે ભગવાન આત્મા શાંતિનું સરોવર છે. અકષાયરસથી છલોછલ ભરેલો છે, તેના ખજાને ખોટ નથી માટે તેનો આશ્રય લેજે, તો તને દરેક વખતે શાંતિ રહેશે અને એવી શાંતિ રહે તેને જ પરિષહ સહન કર્યો કહેવાય.

૨. તૃષા પરિષહ :—બધાં જીવો તરસથી ખૂબ દુઃખી થાય છે. જ્યારે મુનિમહારાજ ઉનાળાના સમયે પર્વતની ટોચ ઉપર બેસીને ધ્યાન કરતાં હોય, ઉપરથી સૂર્યના પ્રખર કિરણો અને નીચે ધગધગતી પૃથ્વી શરીરને બાળતી હોય, ગરમીમાં તરસ લાગી હોય તે વખતે મુનિએ એમ વિચારવું જોઈએ કે, હે જીવ! તેં સંસારમાં ભટકતાં આખા જગતનું પાણી પીધું છે તોપણ આ તરસ છીપી નથી. નરકગતિ અને તિર્યંચગતિમાં તેં ઘણી તરસ સહન કરી છે. અરે! અહીં એક રાત ઊંઘ ન આવે ત્યાં અકળામણ થઈ જાય છે તો તેત્રીસ...તેત્રીસ સાગર નરકમાં કેવી રીતે કાઢયાં હશે? અસંખ્ય દરિયાનું પાણી પી જાય તોપણ તરસ ન છીપે એવી તરસ છે પણ પાણીનું બિંદુ પણ ત્યાં મળતું નથી. આવા દુઃખ ઘણાં સહન કર્યાં છે તો હવે અત્યારે આ તરસ સહન

કર અને આત્મધ્યાનમાં મન લગાવ કે જેથી આ તરસ કાયમને માટે મટી જાય. શાંતિના સરોવરમાં મન લગાવ તો તને શાંતિ થશે, પરિષહનું દુઃખ નહિ થાય.

આ રીતે ચિંતવન કરીને તરસની પીડા શાંત ભાવે સહન કરવી તેને જ તૃષા પરિષહ કહે છે.

**૩. શીત પરિષહ :**—ઠંડીથી સંસારના પ્રાણીઓ ખૂબ દુઃખી થાય છે. ઠંડીમાં લીલાછમ વૃક્ષો પણ બળી જાય છે એવી પોષ અને મહા મહિનાની ઠંડીમાં પણ મુનિમહારાજ સરોવર કે નદીના કિનારે બેસીને ધ્યાન કરે છે. નાના નાના રાજકુમારો પણ સંસારથી ડરીને તેનાથી વિરક્ત થઈને દીક્ષા લઈ મુનિ થઈ આવા નદી-કિનારે ધ્યાન કરવા બેસી જાય છે. તે કોના આધારે ઠંડી આદિ સહન કરે છે? તેઓ આત્માની શાંતિના આશ્રયે ઠંડી સહન કરે છે.

મુનિમહારાજ એવો વિચાર કરે છે કે, હે જીવ! તેં અનાદિકાળથી ઘણી ઠંડી સહન કરી છે અને તેને દૂર કરવાના ઉપાય પણ ઘણાં કર્યા છે પરંતુ આજ સુધી ઠંડી મટી નથી. હવે આ મનુષ્યભવના ટાણાં આવ્યા છે, જૈનકુળ મળ્યું છે, આત્માની સાધના કરવા મુનિવ્રત ધારણ કર્યાં છે. હવે આ જ પદથી મોક્ષની પ્રાપ્તિ થશે. માટે હે જીવ! તું આ ઠંડીની બાધા-પીડા સારી રીતે સહન કર. આમ ચિંતવન-વિચાર કરીને આત્મધ્યાનમાં લીન થવું તેને જ શીત પરિષહ કહે છે.

અહીં સાધુ-મુનિને ઉદ્દેશીને મુખ્યપણે વાત કરી છે પણ પેટામાં ગૃહસ્થ શ્રાવક પણ છે. ભાઈ! તું મોક્ષમાર્ગી થયો છો તો સંસારમાર્ગી કરતાં મોક્ષમાર્ગીના લક્ષણ કાંઈ ફરવા જોઈએ કે નહિ! તારે બધું શાંતિથી સહન કરવું જોઈએ.

**૪. ઉષ્ણ પરિષહ :**—ઉનાળાની ઋતુમાં સૂર્ય ખૂબ તપી રહ્યો છે. આખી દુનિયાના પ્રાણી ગરમીથી વ્યાકુળ થઈ રહ્યાં છે. નદી સરોવરનું જળ સૂકાઈ ગયું છે એવા વખતે મુનિ મહારાજ પથ્થરની શિલા ઉપર બેસીને એમ વિચાર કરે છે કે, હે આત્મા! તેં અગ્નિ-પર્યાય ધારણ કરીને ઘણી ગરમી સહન કરી છે. ત્યાં તો જો કે તેનું શરીર જ ગરમ હોય છે પણ પહેલી, બીજી અને ત્રીજી નરકમાં તો એટલી ગરમી છે કે, ત્યાં જો લાખ મણનો લોઢાનો ગોળો નાંખ્યો હોય તો એક ક્ષણમાં પાણી થઈ જાય એવી ત્યાં ગરમી છે એવામાં તેં અનંતવાર ભવ કર્યા છે અને સાગરોપમ... સાગરોપમનો કાળ તેમાં દરેક વખતે કાઢયો છે. પણ ભાઈ! એ બધું તું બધું ભૂલી ગયો.

**શ્રોતા :**—આવું વિચારે છે તો પહેલાં મુનિને અસહનશીલતા થઈ હશે?

**પૂજ્ય ગુરુદેવ :**—વિચાર એટલે તેમાં ભેગી જ્ઞાનની ધારા વહે છે. એકલો વિકલ્પ

નથી. સ્થિરતા પણ છે. પરિષહ સહન કરવાની ભાવના છે ને! એટલે એવો વિચાર કરે છે પણ પહેલાં અસહનશીલતા થઈ ગઈ હશે એમ નથી. અસહનશીલતા થઈ હોય તો તો પહેલાં પોતે જ પરિષહથી જીતાઈ ગયો. પણ એમ નથી. પહેલેથી જ પોતે પરિષહને જીતી લે છે. તેને દુઃખ થાય અને પછી જીતે છે એમ નથી.

આ ચર્ચા પહેલાં ત્રણની (૨૦૦૩) સાલમાં થઈ ગઈ છે, યાદ છે! પરિષહ સહન કરવા એટલે દુઃખ થયું છે તેમાં શાંતિ રાખવી એમ નથી. પરિષહ એટલે પ્રતિકૂળતા આવી છે તે વખતે જ આત્મામાં શાંતિ રાખવી તેનું નામ પરિષહ જીત્યો કહેવાય. પરિષહ એટલે નિમિત્તમાં પ્રતિકૂળતા આવવી તે. પરિષહ એટલે પોતાના ભાવમાં દુઃખ થવું એમ નહિ. બાહ્યનિમિત્તમાં પ્રતિકૂળતા આવી છે તે જ વખતે શાંતિનું પરિણમન કરે તેનું નામ પરિષહજય કહેવાય છે. પહેલાં પરિણામમાં દુઃખ કે રાગાદિ આવી જાય અને પછી તેને ટાળે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. મુનિ પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રથી ખસતાં નથી. માત્ર નિર્જરા હેતુએ પરિષહ સહન કરે છે. પહેલાં પરિષહથી પોતાને દુઃખ થઈ જાય અને પછી વિચાર કરીને શાંતિ રાખે એવી વસ્તુની સ્થિતિ જ નથી. જે વખતે ઠંડી, ગરમી, સ્ત્રી આદિનો પરિષહ આવે છે એ જ વખતે સ્વભાવ-સન્મુખતામાં શાંત રાખે છે તેનું નામ પરિષહજય કહેવાય છે. પહેલાં પરિષહથી પોતે જીતાઈ જાય અને પછી પરિષહને જીતે એ વાત તત્ત્વથી વિરુદ્ધ છે. એવું વસ્તુનું સ્વરૂપ જ નથી.

આ વિચારો અહીં બતાવ્યા છે તે તો એક સ્વભાવના શરણે જતાં પહેલાં એવા વિકલ્પરૂપ વિચારો હોય છે એમ કહ્યું છે, બાકી પહેલાં દુઃખ થયું અને પછી આ વિચાર કરીને શાંત થાય છે—સમાધાન કરે છે એમ નથી. પહેલાં રાગ આવે અને પછી રાગને જાણતાં એમ થાય કે અરે! મને આવો રાગ! એમ કરીને રાગનો નાશ કરે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. રાગ આવ્યા પહેલાં જ તું એવો તૈયાર થઈ જા કે રાગ આવી જ ન શકે.

મુનિરાજ તો જે સમયે પ્રતિકૂળ સંયોગ આવે તે ક્ષણે તૈયાર જ છે. એ તો સ્વરૂપની શાંતિમાં જ ઊભા છે. સૂક્ષ્મ વાત છે ભાઈ! શ્રીમદ્‌ના પત્રોમાં પણ ઘણી જગ્યાએ સૂક્ષ્મ વાત કરી છે. એક પત્રમાં છે કે, વેદના વખતે ધર્મીને ઘણી શાંતિ હોય છે. તે વખતે નિર્જરાનો ઘણો હેતુ હોય છે. (તે વખતે ઘણી નિર્જરા થાય છે.)

જો દુઃખ થાય અને પછી તેને જીતે તેનું નામ પરિષહજય હોય તો તો જ્યારે જ્યારે પરિષહ જીતે ત્યારે પહેલાં દુઃખ થવું જ જોઈએ એવો નિયમ થઈ ગયો! એમ ન હોય. મુનિરાજ તો ઉપરથી અગ્નિ વરસતી હોય અને નીચેથી પથ્થર તપતાં હોય તે

વખતે દુઃખી થતાં નથી. આનંદમાં જ રહે છે. મુનિરાજ એટલે તો ભગવાનના પુત્ર! જેને ભગવાનના બેટા થયા તેને શું ખામી હોય! તેને તો શાંતિ...શાંતિ અને આનંદ જ હોય.

અમે સંપ્રદાયમાં હતાં ત્યારે એક જુવાન માણસે સંથારો કર્યો હતો. રસ ને રોટલી ખાઈને જાવજીવનો ચોવિહાર લઈ લીધો. પછી બાર દિવસ સુધી દુઃખી થઈને મરી ગયો. આ શું પરિષહજય કહેવાય! અરે! મિથ્યાદૃષ્ટિને પરિષહજય લાગુ જ પડતો નથી. આત્માના ભાનસહિત સ્વભાવના આશ્રયે શાંતિ પ્રગટ કરવી અને તે શાંતિમાં રહેવું એ મિથ્યાદૃષ્ટિને ક્યાંથી હોય! પરિષહજય તો પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને જ લાગુ પડે છે. કેમ કે જેને આત્માની શાંતિનું ભાન થયું છે અને શાંતિ રહે છે તે શાંતભાવે પરિષહ સહન કરી શકે. મિથ્યાદૃષ્ટિ હઠથી દુઃખ સહન કરે તે પરિષહજય નથી. પહેલો માણસ તો હઠથી ક્રિયાકાંડ કરીને દુઃખી થઈને મર્યો પણ છેલ્લે બોલી ગયો કે, મેં તો આવી હઠ કરીને પૂરું પાડયું છે પણ કોઈ બીજા જીવો આમ હઠ કરશો નહિ.

અહીં તો શાંતિના સરોવરમાં પેસીને પરિષહ સહન કરે છે તેની વાત છે. શાંતિ વગર પરિષહજય કેવો! ખરેખર તો સમકિત સહિત ચારિત્રનો અંશ પ્રગટ થયો છે એવા શ્રાવકને અને મુનિને જ પરિષહ લાગુ પડે છે. સમકિતીને પણ પરિષહ લાગુ પડતો નથી. આ કોઈ કલ્પિત-ઊભી કરેલી વાત નથી. વસ્તુસ્થિતિની વાત છે. આ તો વીતરાગ-મારગ છે.

જ્યાં રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યનું ભાન છે, વિશેષ સ્થિરતાનો અંશ આવ્યો છે અને તે પૂર્ણ સ્થિરતાની નજીક જાય છે એવા પ્રસંગે બહારમાં—નિમિત્તમાં આવા અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગો ભજે પણ ધર્મીને શાંતિ શાંતિ જ વર્તે છે તેને પરિષહ-જય કહેવામાં આવે છે. તે વખતે નિર્જરા પણ વિશેષ થાય છે.

ભગવાન! તું સ્વભાવનો ઉગ્ર આશ્રય લે તો તને શાંતિ થશે. હઠથી આ ગરમી આદિ સહન કરવા નહિ પડે. એ તો જ્ઞેય તરીકે જણાશે. આમ ચિંતવન કરતાં ઉષ્ણ પરિષહને જીતે છે તેને ઉષ્ણ પરિષહ કહે છે.

૫. નગ્ન પરિષહ:—મુનિરાજને સમસ્ત પ્રકારના વસ્ત્રનો ત્યાગ હોય છે. વસ્ત્રનો એક તાણો-વાણો પણ મુનિને ન હોય. વસ્ત્ર કે પાત્ર રાખે તે મુનિ જ નથી. અંતરમાં મુનિરાજ આનંદમાં રહે છે અને બહારથી વસ્ત્ર-પાત્રનાં ત્યાગી છે. જે વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું મનાવે છે તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. આ માર્ગની રીત છે. તેમ કહેવાય છે.

નગ્નદિગંબરપણે મુનિરાજ અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીને પોતાના આત્મધ્યાનમાં લીન રહે છે. અંતરની લગની એવી લાગી છે કે શરીર પણ બાળક જેવું દેખાય છે. તેનામાં કાંઈ વિકૃતિ નથી. અંદર આત્માને ખૂલ્લો કરી નાખ્યો છે અને બહારમાં શરીર ખૂલ્લું મૂકી દીધું છે. મણિરતનની પૂતળી જેવા ૨૫-૨૫ વરસના રાજકુમાર હોય એ પણ આત્માની લગનીમાં ચાલી નીકળે છે.

આ વસ્તુનું સ્વરૂપ જ આવું છે હો! આ કાંઈ દિગંબર કે શ્વેતાંબરની પક્ષની વાત નથી. ત્રણ કષાયના અભાવપૂર્વક સ્વરૂપમાં વીતરાગતા પ્રગટી છે, પ્રચૂર સ્વસંવેદન જાગ્યા છે, ત્યાં એને વસ્ત્ર ને પાત્ર રાખવાનો વિકલ્પ જ કયાંથી ઊઠે! એને તો અંતરમાં ઠરી...ઠરીને કેવળજ્ઞાન લઉં!—પૂર્ણ થાઉં એવી જમવટ જામી છે ત્યાં આ વિકલ્પો કયાં હોય! જુઓ! આવી દશા આવે છે હો! તેના વિના કોઈને મુક્તિ થઈ જાય એમ બનતું નથી.

બ્રહ્મ નામ પોતાના ભગવાન આત્મામાં ચરવું-લીન થવું તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યા કરનારા મુનિ...તેને તો અંતરમાં વાસ છે તે શરીરમાં કે બાહ્ય ક્ષેત્રમાં વસેલાં નથી. તેથી નગ્નપણાથી કિંચિત્‌માત્ર દુઃખ પામતાં નથી. એ તો બહુ વિચિક્ષણ હોવા છતાં ભદ્રિક અને સરળ હોય છે. અરે વીતરાગમાર્ગી-મોક્ષમાર્ગી જીવો કેવા હોય! જેણે કેવળજ્ઞાનના મંડપ નાખ્યા છે, કેવળજ્ઞાન લીધું કે લેશે એવી મુનિની દશા હોય છે તેને બહાર નીકળવું તો ગોઠતું જ નથી. બહારના પરિષહો તો એને સહેજે સહન થઈ જાય છે.

મુનિપણું એટલે સંવર-નિર્જરાની ઉત્કૃષ્ટતા; કેવળી એટલે મોક્ષતત્ત્વ. જેને નવતત્ત્વનું સ્વરૂપ સમજવું છે તેને આવું મુનિનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ.

૬. યાચના પરિષહ :—મુનિરાજને ભલે મહિનાઓ સુધી આહાર ન મળે, વર્ષો સુધી પણ ન મળે છતાં તે મુનિરાજ કદી કોઈ શ્રાવક પાસે આહારની યાચના કરતાં નથી, તેથી જ મુનિની વૃત્તિને સિંહવૃત્તિ કહી છે.

મને બહુ ભૂખ લાગી છે, બહુ તરસ લાગી છે તો કાંઈ આપો ને! એવો વિકલ્પ પણ મુનિને ન હોય. કોઈ એમ કહે મુનિને તો યાચના પરિષહ છે ને! ભાઈ! યાચના ન કરવી એ પરિષહ છે. યાચના કરવી ને માનભંગ થાય તે સહન કરવું તે પરિષહ નથી.

મોક્ષમાર્ગી જીવોના જીવન એ તો અલૌકિક જ હોય ને! માન મૂકીને, લજ્જા છોડીને યાચના કરવી તે પરિષહજય નથી પણ યાચના કરવી જ નહિ તે પરિષહજય

છે. મુનિરાજ તો અંદરમાં આત્મા પાસે મોક્ષની યાચના કરે છે. મોક્ષ માટે ઝૂલી રહ્યાં છે. ઠરે છે વળી વિકલ્પ આવે છે વળી ઠરે છે એમ ઝૂલી રહ્યાં છે. તે આહારની યાચના ન કરે.

ભાઈ! આ તો અનાદિનો મારગ છે. આ માર્ગે અનંત સંતો ચાલીને મોક્ષ ગયા છે. કોઈ મારગને ફેરવવા માગે તો આ માર્ગ કાંઈ ફરે તેવો નથી. વીતરાગ મારગ જેમ છે તેમ રહેશે તે કોઈનો ફેરવ્યો ફેરવાય તેમ નથી. અરે! એની શ્રદ્ધા અને ભાવના તો તું કર! શ્રીમદ્દે કેવી ભાવના ભાવી છે!

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો...
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે!

ધર્મીની તો આવી ભાવના હોય ભાઈ! તેને લક્ષ્મીની કે આબરૂ આદિની ભાવના ન હોય. અહો! અમને ક્યારે એવી દશા આવે! પુરુષાર્થથી આવે હો! કાંઈ એમ ને એમ ન આવી જાય. ધર્મી એવી ભાવના કરે છે. સંપ્રદાયમાં એક સાધુએ પ્રશ્ન કર્યો હતો કે, શ્રીમદ્ એવી ભાવના ભાવે છે તો મુનિપણું શું કામ નથી લેતા? કોણ રોકે છે? માત્ર ઢોંગ છે. તેને સમજાવ્યાં ભાઈ! શાસ્ત્રમાં ત્રણ પ્રકારના મનોરથ શ્રાવકને હોય છે એ વાત આવે છે તે સાચું છે કે ઢોંગ છે! શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં એવા મનોરથ આવે છે કે હું ક્યારે પરિગ્રહ છોડું, ક્યારે મુનિ થાઉં અને ક્યારે સંથારો લઉં! એવી ભાવના શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં હોય છે. અરે! જેને મોક્ષના ભણકારા આવી ગયા છે, નક્કી થઈ ગયું હોય છે કે, અલ્પકાળમાં મારી મુક્તિ છે, હવે આપણે સંસારથી છૂટયાં એવા વિશ્વાસની સાથે આવી ભાવના હોય છે.

જેને હજુ મુનિપણું કોને કહેવાય એ જ ખબર નથી તેને તો આ વસ્ત્ર, પાત્ર ને ઘર છોડયાં એટલે જાણે મુનિપણું આવી ગયું તેમ માને છે પણ ભાઈ! એમાં મુનિપણું માનવું એ તો ગૃહીત મિથ્યાત્વનું પોષણ છે. તેમાં તો એ જીવો ક્ષણે-ક્ષણે અનંત સંસાર વધારે છે.

મુનિરાજની સિંહવૃત્તિ હોય છે. મુનિરાજ આહાર માટે નીકળે ત્યારે કોઈ પાસે આહાર માગતા નથી. ચેષ્ટા પણ એવી ન બતાવે કે મારે આહાર જોઈએ છે. શ્રાવક તેની મેળે નવધા ભક્તિપૂર્વક શુદ્ધ આહાર આપે તો જ લે છે. આવું મુનિનું સ્વરૂપ

છે તેને બદલે કોઈ મુનિ માટે આહાર બનાવે કર્તાને અનુમોદે એ તો બધું ગૃહીત મિથ્યાત્વ છે. એવો આ વીતરાગ મારગ નથી.

૭. અરતિ પરિષહ :—જગતના જીવો ઇષ્ટ પદાર્થ મળતા રતિ માને છે અને અનિષ્ટ પદાર્થ મળતાં અરતિ-ખેદ માને છે. પણ તે પરમયોગી ભલે જંગલમાં રહે, કોઈ તેમને ભલા કહે, કોઈ તેમને બૂરાં કહે તોપણ કદી પોતાના ચિત્તમાં ખેદ કરતા નથી. આ રીતે અરતિ પરિષહને જીતે છે.

લોકો તો એમ પણ કહે કે, આ શું નાગા ચાલી નીકળ્યા છે! ભૂખ્યા-તરસ્યાં ભિખારી લાગે છે! આવું સાંભળીને પણ મુનિ પોતાના ચિત્તમાં ખેદ કરતાં નથી. અરે! આવા સાધારણ માણસો મને આમ કહે છે! એમ મુનિને થતું નથી. માટે એ તો પાગલ જેવા છે. સંસાર એમ જ ચાલવાનો છે એમ કરીને મુનિ આત્માની શાન્તિમાં ખેદ આવવા દેતાં નથી.

૮. અલાભ પરિષહ :—જેમ આહાર વગેરે ન મળવાથી મુનિ તેની યાચના કરવા લાગતાં નથી તેમ મહિનાઓ સુધી આહારની પ્રાપ્તિ ન થવા છતાં પણ પોતાનાં મનમાં રંચમાત્ર પણ ખેદ લાવતા નથી. મુનિને એમ ન થાય કે, અરે, આ મજૂર માણસો પણ પેટ ભરીને રોટલાં ખાય છે અને અમને થોડો આહાર પણ મળતો નથી.

ગૃહસ્થાશ્રમમાં પણ આ બધું સમજવા જેવી વાત છે હો! આ કાંઈ એકલી મુનિની વાત નથી. બધાંને આવા પરિષહો સહન કરવા પડશે. એ સિવાય એને શાન્તિ નહિ મળે. ગૃહસ્થાશ્રમમાં પણ અંશે વીતરાગતા પ્રગટી છે તેને આવા બધાં ભાવો હોય છે. કેમ કે એ પણ ભગવાનના પુત્ર છે ને! ગૃહસ્થાશ્રમમાં પણ એને એવા પરિષહો આવતા હોય છે. હોંશથી ખાવા માટે લાડવા બનાવ્યા હોય અને ટાઇમે છ ડિગ્રી તાવ આવીને ઉભો રહે તો લાડવા ખવાય નહિ. તો એ વખતે ગૃહસ્થ આત્માના લક્ષે શાન્તિ રાખે છે, ખેદ કરતો નથી અને મુનિ તો આહારના ઢગલા જુએ અને મળે નહિ છતાં બિલકુલ ખેદ કરતાં નથી. આ રીતે મુનિ અલાભ પરિષહને જીતે છે.

[મુનિમાર્ગના આરાધક, રત્નત્રયના સ્તંભ રોપનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.]

—*—

તા. ૧૦-૧૧-૯૧

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* શ્રી મહાવીર-નિર્વાણ કલ્યાણકનો પાંચ દિવસીય મંગલ મહોત્સવ આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહના સુમધુર કંઠે કરાવાયેલી વૈરાગ્ય તેમજ ભાવભીની 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક-મંડલવિધાનપૂજા' અને પંચકલ્યાણક-મહિમાની-ભક્તિપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો હતો. આ મંગલ ઉત્સવને અનુરૂપ સવારે ધન-તેરસ, ચૌદશ, દીપાવલિ–દિનના પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસાર ગાથા ૪૭-૪૮ તથા ૪૯ ઉપરના પ્રવચનો, બપોરે શ્રી સમયસાર ગાથા–૧, ૬, ૩૮ તથા બહેનશ્રીનાં વચનામૃત બોલ–૪૩૨ ઉપરનાં પ્રવચનો અને સાંજે શ્રી પરમાત્મપ્રકાશ અધિકાર–૧ની ગાથા–૬૮ ઉપરના સ્વાનુભૂતિમાર્ગ પ્રકાશક દ્રવ્યદષ્ટિપ્રધાન અધ્યાત્મમર્મ-ઉદ્ઘાટક પ્રવચનોનો સૌને લાભ પ્રાપ્ત થયો હતો. વહેલી સવારે ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનાં નિવાસસ્થાને તેઓશ્રીની તત્ત્વચર્ચા, બપોરે ટેપ–પ્રવચન બાદ આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમત-ભાઈ દ્વારા કરાવાયેલી પૂજ્ય બહેનશ્રીની સ્તુતિ અને જિનેન્દ્રભક્તિનો લાભ મળવા ઉપરાંત રાત્રે ટેપ–પ્રવચન બાદ વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન અને પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો પણ લાભ મળ્યો હતો. આ મંગલ ઉત્સવનો લાભ લેવા મુંબઈ, રાજકોટ, અમદાવાદ, ભાવનગર, જામનગર, ખંડવા, ઉદયપુર, લંડન ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક ગામના મુમુક્ષુઓ સોનગઢ આવ્યા હતા. આ પ્રસંગે (૧) શ્રી રુપલબહેન તથા રાજીવભાઈ દોશી હસ્તે હસમુખભાઈ (૨) શ્રી વિમળાબેન સારાભાઈ શાહ મુંબઈ તથા (૩) શ્રી જયંતીલાલ મણીલાલ ભાયાણીએ (સોનગઢ) (પુત્રવધુ સ્વ. દિપ્તીબહેન જયસુખલાલ ભાયાણીના સ્મરણાર્થે) પ્રાસંગિક મંડલ-વિધાનપૂજનનો લાભ લીધો હતો.

શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવકમંડળ, રાજકોટ સંચાલિત

## શ્રી સુરેશભાઈ કરમણભાઈ શાહ દિ. જૈન વિદ્યાર્થીગૃહ, રાજકોટ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢના સહયોગથી આ વિદ્યાર્થીગૃહમાં પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા ઉપદિષ્ટ વીતરાગ અધ્યાત્મ–તત્ત્વ-જ્ઞાનના શિક્ષણનો પ્રબંધ કરવામાં આવ્યો છે. અધ્યાત્મ–તત્ત્વજ્ઞાનના શિક્ષણેચ્છુક કોઈ પણ મુમુક્ષુ વિદ્યાર્થીને આ વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ પ્રાપ્ત વિદ્યાર્થીઓ માટે આવાસ વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે તથા ભોજનશુલ્ક ૨૫% રહેશે. શિક્ષણેચ્છુક વિદ્યાર્થી 'શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર યુવકમંડલ, ૧૫, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧' પરથી ફોર્મ મેળવીને તા. ૩૧–૧૨–૯૧ સુધીમાં પોતાના હસ્તાક્ષર સહિત ફોર્મ મોકલી આપે. આ યોજનામાં એક વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે.

[ મૃત્યુ-મહોત્સવ......પાના નં. ૮થી ચાલુ ]

અનેક સાધુઓએ સ્વાર્થસિદ્ધિ કરી છે. દુસ્સહ એટલે સહન ન થઈ શકે તેવા ઉપસર્ગ સહન કરીને સ્વાર્થસિદ્ધિ એટલે સ્વ+અર્થ+સિદ્ધિ=પોતાના પ્રયોજનની સિદ્ધિ કરી છે. તો શું આ તારું કર્તવ્ય નથી કે, તેમનું અનુકરણ કરીને ધનાદિમાં નિર્વાંછક થઈ, અંતર-બાહ્ય પરિગ્રહના ત્યાગપૂર્વક સામ્યભાવથી નિરુપાધિમાં સ્થિર થઈ આનંદામૃતનું પાન કરવું! જીવનની પણ વાંછા નહિ આબરૂ આદિની વાંછા વગર અંતર-બાહ્ય ત્યાગપૂર્વક આનંદનું પાન કરવું. અને ઉપરોક્ત ઉપદેશથી સમ્યક્ પ્રકારે કષાયને પાતળા કરી-કૃશ કરી રત્નત્રયની ભાવનારૂપ પરિણમનથી પંચ નમસ્કારમંત્રના સ્મરણપૂર્વક સમાધિ-મરણ કરવું જોઈએ.

જુઓ! રત્નત્રયની ભાવનારૂપ પરિણમન કહ્યું છે એટલે વિકલ્પરૂપ ભાવનાથી નહિ પણ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણમનથી પંચ નમસ્કારમંત્રના સ્મરણપૂર્વક એટલે અંતરમાં પંચપદરૂપ સ્વભાવ અને બહારમાં પંચપરમેષ્ઠી પ્રત્યેના શુભ વિકલ્પપૂર્વક સમાધિ-મરણ કરવું. આ સમાધિમરણની સંક્ષેપવિધિ છે. —*—

## વૈરાગ્ય સમાચાર :—

* કાનાતળાવનિવાસી શ્રી દિપકભાઈ દુર્લભજીભાઈ પટેલ (વર્ષ–૨૨) તા. ૨૫–૯–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી હરિલાલ જમનાદાસ પુનાતર તા. ૧૦–૧૦–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી (હાલ–મુંબઈ) શ્રી કમળાબેન ચંપકલાલ કામદાર તા. ૧૩–૧૦–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરતનિવાસી શ્રી લીલાવંતીબેન પી. શાહ (—સ્વ. શ્રી ડૉ. પી. વી. શાહના ધર્મપત્ની) (વર્ષ–૭૬) શારીરિક અસહ્ય વ્યાધિઓ હોવા છતાં, પૂજ્ય ગુરુદેવશ્રીના સતસમાગમે પ્રાપ્ત કરેલાં તત્ત્વના લક્ષપૂર્વક ઘણી જ શાંતિ ને જાગૃતિ સહિત તા. ૧૩–૧૦–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અંકલેશ્વરનિવાસી શ્રી નિર્મળાબેન ચંપકલાલ શાહ (વર્ષ–૮૦) તા. ૧૪–૧૦–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. *